Tuesday 22, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## કપરાડા તાલુકામાં નેટવર્ક સમસ્યા નિવારો : કોંગ્રેસ

### વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કપરાડામાં કિસાન અધિકાર અને જંગલ જમીન સહિત ના જનહિત ના ૨૫ વધુ મુદ્દાઓ અંગે આવેદનપત્ર અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા ૨૧ :** આજ રોજ કપરાડા ખાતે વલસાડ જિલ્લા કોગ્રેસ સમિતિ દ્વારા જેન.જી.અને કિસાન અધિકાર યાત્રા કપરાડા તાલુકાની યાત્રા અંતર્ગત અંતર્ગત ગામોમાં ફરી મામલતદાર કચેરીએ પહોંચી કપરાડા તાલુકાના તમામ ગામોમાં નેટવર્ક સમસ્યાનું નિરાકરણ, આદિજાતિના દાખલામાં સરળતા, કેરીની નુકશાનીમાં સહાય પેકેજ નક્કી કરવું સહીતિના મુદ્દે આવેદન પત્ર અપાયું હતું.

જિલ્લા કોગ્રેસ પ્રમુખ કિશન પટેલે પત્રકારોને જણાવ્યું કે ભાજપના શાસનમાં આદિવાસીઓને વન અધિકાર નથી મળ્યું, યુવાનોને રોજગારી નથી મળી, આદિજાતિના દાખલા માટે ત્રણ ત્રણ પેઢીના દાખલા મંગાઈ છે, સેટેલાઈટ માંપણીથી ખેડુત મુશ્કેલીમાં છે. કિસાન પાક વીમા યોજનાનો ગુજરાતમાં અમલ ન થવો,એ.પી.એમ.સી.માં પાકના યોગ્ય ભાવો ન મળવા, યુરીયાનો પૂરતો જથ્થો ન મળવો, બેંક, સહકારી મંડળી દ્વારા ખેડૂતોને ધીરાણ મેળવવામાં મુશ્કેલી, કપરાડા તાલુકાના તમામ ગામોમાં નેટવર્ક સમસ્યાનું નિરાકરણ, આદિજાતિના દાખલામાં સરળતા, કેરીની નુકશાનીમાં સહાય પેકેજ નક્કી કરવું, ખેત ઉત્પાદનના યોગ્ય ભાવ ન મળવા સહીતિના મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

આ પ્રસંગે તાલુકા કોગ્રેસ પ્રમુખ હરેશ પટેલ, જિલ્લા કોગ્રેસ ઉપ પ્રમુખ વસંત પટેલ, કોગ્રેસ યુવા મહિલા આગેવાન કુંજાલી પટેલ, તાલુકા કોગ્રેસ પ્રમુખ હરેશ પટેલ, કપરાડા યુવા આગેવાન ઈશ્વર તુમડા ઉપસ્થિત રહી્યા હતા.

## દૂધનીમાં 'નશામુક્ત યુવા, વિકસિત ભારત' સંકલ્પ સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૧ :** દૂધની સ્થિત વિદ્યાર્થી છાત્રાલય ખાતે મેરા યુવા ભારત, સેલવાસ દ્વારા 'નશામુક્ત યુવા, વિકસિત ભારત રાષ્ટ્રીય સંકલ્પ સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિકસિત ભારતના નિર્માણમાં સ્વસ્થ, સશક્ત અને જાગૃત યુવા શક્તિની ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત યુવાનો અને સહભાગીઓએ નશાથી દૂર રહેવા તેમજ નશામુક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ લીધો હતો. યુવાનોને નશાના દૂષ્પ્રભાવોથી માહિતગાર કરી સ્વસ્થ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નુક્કડ નાટક દ્વારા નશામુક્તિનો સંદેશ આપવામાં આવ્યો હતો. નાટકના માધ્યમથી નશાના કારણે થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે યુવાનોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

આ ઉપરાંત 'નશામુક્ત યુવા, વિકસિત ભારત' વિષય પર નારા લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નશામુક્ત ભારત અંગે પોતાના વિચારો સર્જનાત્મક નારા દ્વારા રજૂ કર્યા હતા.

૧૦૦ સપ્તાહના સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં નશામુક્તિ અંગે જાગૃતિ વધારવાનો અને સ્વસ્થ, સશક્ત તથા નશામુક્ત ભારતના નિર્માણ માટે સામૂહિક સંકલ્પને જન-જન સુધી પહોંચાડવાનો રહ્યો હતો.

## નવસારી જિલ્લામાં શેરી નાટકો દ્વારા એક માસ સુધી 'નમો સેવા અનકહી કહાની' પહોંચાડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નવસારી જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'નમો સેવા અનકહી કહાની' શીર્ષક હેઠળ ખાસ શેરી નાટક શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન નવસારી મહાનગરપાલિકા સહિત જિલ્લાના વિવિધ સ્થળોએ આ શેરી નાટકો રજૂ કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત નવસારી જિલ્લાના નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકાના વિવિધ સ્થળોએ શેરી નાટકો દ્વારા નાગરિકો સુધી કલ્યાણકારી સંદેશો પહોંચાડવામાં આવશે.

'નમો સેવા અનકહી કહાની' શીર્ષક હેઠળ રજૂ થનારા આ શેરી નાટકોનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં સેવાભાવના, સામાજિક જવાબદારી અને પ્રેરણાદાયી જીવનમૂલ્યો અંગે જાગૃતિ લાવવાનો છે. શેરી નાટક જેવા સરળ અને અસરકારક માધ્યમ દ્વારા જનસામાન્ય સુધી સેવાભાવના અને કલ્યાણકારી સંદેશાઓ પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ સમગ્ર અભિયાન દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં શેરી નાટકોનું આયોજન કરી વધુમાં વધુ નાગરિકોને જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ માધ્યમથી લોકોમાં સેવા, સહકાર અને સકારાત્મક સામાજિક મૂલ્યો અંગે જાગૃતિ કેળવાય તે માટે આયોજકો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

**દમણગંગા ટાઈમ્સ**
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

### વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા

## વાપીમાં સીટીબસ સેવા માટે SPV બોર્ડ રચાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શહેરના જાહેર પરિવહન, સફાઈ વ્યવસ્થા અને નાણાકીય બાબતો સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. વાપી શહેરની સીટી બસ સેવા માટે 'વાપી સીટી બસ સર્વિસ લિમિટેડ' નામથી સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) બોર્ડની રચના, તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા શેર કેપિટલ અંગેની દરખાસ્તને મંજૂરી આપી અંતિમ મંજૂરી માટે સામાન્ય સભા સમક્ષ રજૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. તેમજ તત્કાલીન વાપી નગરપાલિકા દ્વારા નિયુક્ત અને હાલ ફરજ બજાવતા ૪૭ ફિક્સ પગાર આધારિત સફાઈ કર્મચારીઓને લાંબા ગાળાની નિમણૂક આપવા દરખાસ્તને સર્વાનુમતે મંજૂરી આપી સામાન્ય સભા સમક્ષ રજૂ કરવાની ભલામણ કરાઈ હતી. જીપીએમસી એકટની કલમ ૧૯(એ) હેઠળ કોર્પોરેશનના સભ્યોના માનદ વેતન તથા ભથ્થાં માટે બજેટમાં જરૂરી જોગવાઈ કરવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (આઈએએસ), નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ, કિરણસિંહ રાણા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશ વાળંદે કર્યું હતું.

## વાપીની વિદ્યાર્થીનીઓએ ગર્લ્સ હેન્ડબોલમાં ગોલ્ડ જીત્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી અને સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવ લે તેવી ઐતિહાસિક સિદ્ધિ સામે આવી છે. વાપીની શ્રી જૈન યુવક મંડળ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની અંડર-૧૭ ગર્લ્સ હેન્ડબોલ ટીમે ઈતિહાસ રચી દીધો છે. મધ્યપ્રદેશના દેવાસ-ઉજ્જૈન ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં વાપીની દીકરીઓએ ગોલ્ડ મેડલ જીતીને ચેમ્પિયનનો ખિતાબ પોતાના નામે કર્યો છે. દક્ષિણ ગુજરાતના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે કે કોઈ ગર્લ્સ ટીમે આ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હોય. આ સ્પર્ધામાં ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ૧૬ જેટલી મજબૂત ટીમોએ ભાગ લીધો હતો. તમામ ટીમોને હરાવીને વાપીની દીકરીઓએ પોતાની અદભુત ટીમ વર્ક, દ્રઢ નિશ્ચય અને ખેલદિલીનો પરચો આપ્યો હતો અને લીગ ટેબલમાં ટોપ પર રહી ચેમ્પિયન બની હતી. જેમાં કોચ તરીકે જાગૃતિ લાડ, ધવલ માડિયા અને હાની પટેલ (કેપ્ટન), આસ્થા નેઉપાને, પલક ચોંકર (ગોલ કીપર), આભા શર્મા, તિષા પટેલ, યશ્વી શાહ, યુક્તા શાહ, કૈરવી શાહ, તાન્યા શુક્લા ખેલાડીઓ હતાં. આ જીત સાથે હવે સમગ્ર ટીમની પસંદગી CBSE નેશનલ્સ માટે થઈ છે, જે વાપી માટે બેવડી ખુશીની વાત છે. આ સિદ્ધિએ શાળા, વાલીઓ, કોચ અને વાપીનું નામ રોશન કર્યું છે.

## આમધા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની સ્પોર્ટસમાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લા કક્ષાની શાળાકીય રમત (SGFI)માં નાનાપોંઢા તાલુકાની આમધા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની પ્રવૃતિ અનિલભાઈ ગાંવિતે ૬૦૦ મીટર દોડ, અંડર ૧૪ અને ચક્ર ફેંકમાં પ્રથમ ક્રમ મેળવી ઝળહળતી સિધ્ધિ મેળવી છે.

આમધા પ્રાથમિક શાળાના આચાર્ય જતિનભાઈ પટેલ તથા વ્યાયામ શિક્ષક જશંવતભાઈ ગાયકવાડ અને શાળા પરિવાર દ્વારા પ્રતિભાશાળી ખેલાડી પ્રવૃતિ ગાંવિતને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા સાથે જ તેઓ રમત ગમત ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી વલસાડ જિલ્લા અને ગુજરાત રાજ્યનું નામ દેશભરમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**પાંચમી પૂણ્યતિથિ**
॥ શ્રદ્ધાંજલિ ॥

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને, સમરણ તમારું થાય છે ત્યારે ભીની થઈ જાય છે આંખો અમારી, જીવનમાં હર પળે હસતા રહ્યા તમે, સર્વત્ર સુવાસ ફેલાવી ગયા તમે, પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના



સ્વ. સવિતાબેન કેશુભાઈ પટેલ
સ્વ. તા. ૨૨/૦૯/૨૦૨૧


શોકસંતપ્ત પરિવાર
- કેશુભાઈ કે. પટેલ (પતિ)
- મનોજભાઈ કેશુભાઈ પટેલ (પુત્ર)
- વર્ષાબેન મનોજભાઈ પટેલ (પુત્રવધુ)
- સુનિલભાઈ કેશુભાઈ પટેલ (પુત્ર)
- સરસ્વતીબેન સુનિલભાઈ પટેલ (પુત્રવધુ)
- વિજેશભાઈ કેશુભાઈ પટેલ (પુત્ર)
- કિંજલ વિજેશ પટેલ (પુત્રવધુ)
- જીલ, ધ્રુવી, મિકેત, અંશ

ગામ : દાભેલ, આમરણ ફળિયા, નાની દમણ

### ૩ વર્ષ પહેલાં મૂર્તિ મળ્યા પછી લોકફાળાથી મંદિર નિર્માણ માટે કેબિનેટમંત્રી કનુભાઈએ ખાતમુહૂર્ત કર્યુ હતું

## તિથલમાં મળેલી દુર્લભ ગણેશજીની મૂર્તિ માટે ભવ્ય મંદિર બની રહ્યું છે







### ૮૦ કિલો વજનની ૪ ફૂટ ઊંચી ઐતિહાસિક કે પ્રાચીન જણાતી અખંડિત મૂર્તિ મળી આવી હતી : રક્તવર્ણ શીલામાંથી કંડારાયેલી અને જમણી સૂંઢ ધરાવતી હોવાથી તેનું ધાર્મિક મહત્વ ઘણું વધી ગયું છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ત્રણ વર્ષ અગાઉ તિથલ દરિયા કિનારે ચાલતા અંજલાવના એક સહેલાણીને ગણપતિ બાપાની મૂર્તિ મળી આવી હતી. બાપાની અતિ દુર્લભ મૂર્તિ મળી આવતા ગ્રામજનો દોડી ગયા અને આ ૮૦ કિલો વજન ધરાવતી ચાર ફૂટ ઉંચી અને ત્રણ ફૂટ પહોળી આ મૂર્તિ તિથલગામમાં રાખવામાં આવી હતી. જે બાદ આ ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરવા માટે લોક ફાળો દાન દક્ષિણાથી તિથલગામમાં ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. વલસાડના પ્રખ્યાત તિથલ દરિયાકિનારે ફરવા ગયેલા અંજલાવગામના દર્શનાર્થી મનોજભાઈ જે. સોલંકીને દરિયાકાંઠેથી ગણપતિ બાપાની અતિ દુર્લભ અને અખંડિત મૂર્તિ મળી આવી હતી. આ પ્રતિમા આશરે ૮૦ કિલો વજન ધરાવતી ૪ ફૂટ ઊંચી અને ૩ ફૂટ પહોળી છે તેમજ રક્તવર્ણ શીલામાંથી કંડારાયેલી અને જમણી સૂંઢ ધરાવતી હોવાથી તેનું ધાર્મિક મહત્વ ઘણું વધી ગયું છે. દરિયાકિનારેથી આ પ્રાચીન મૂર્તિ મળી આવ્યા બાદ ગ્રામજનો દ્વારા તેને સાચવીને મંદિરમાં આદરપૂર્વક રાખવામાં આવી હતી અને તેની દેખરેખ રાખવામાં આવી રહી હતી. આ પ્રાચીન ગણેશજીની પ્રતિમાને યોગ્ય સ્થાન માટે ગામના સરપંચ રાકેશભાઈ પટેલની આગેવાની હેઠળ મંદિરનું ખાતમુહૂર્ત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ ડુંગરીના જાણીતા બિલ્ડર બીપીનભાઈ પટેલ સહિત અન્ય ભક્તો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વયંભૂ પ્રગટ થયેલી પ્રાચીન ગણેશ પ્રતિમાની યોગ્ય સ્થાપના થાય તે માટે ગામમાં શ્રદ્ધાળુઓ અને ગ્રામજનો દ્વારા એક ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં હાથ ધરવામાં આવ્યું છે.

દરિયાકાંઠેથી મળેલી આ પવિત્ર મૂર્તિને કારણે સમગ્ર પંથકના ભક્તોમાં ભારે ઉત્સાહ અને આસ્થાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## દમણના ડાકઘરમાં સુકન્યા દીદી દ્વારા ૧૫૦ ખાતા શરૂ કરવામાં આવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** સોમનાથ ગ્રામ પંચાયતના સરપંચ વર્ષિકા પટેલના પ્રયાસોથી ૧૫૦ બાલિકાઓના સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતા પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવ્યા હતાં. આ પ્રસંગે સોમનાથ D.I.A. ખાતે ૧૫૦ બાલિકાઓને સુકન્યા સમૃદ્ધિ યોજનાની પાસબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. વર્ષિકા પટેલ દ્વારા અગાઉ ૨ વર્ષ પહેલા પણ દમણમાં ઘરે-ઘરે જઈ લોકોને સુકન્યા સમૃદ્ધિ યોજના અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. તેમના પ્રયાસોથી અત્યાર સુધીમાં ૪૫૦ થી વધુ બાલિકાઓના ખાતા શરૂ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં વલસાડ ડિવિઝન પોસ્ટ ઓફિસના અધિક્ષક જયેશ વશી, પોસ્ટ ઓફિસના પબ્લિક રિલેશન ઈન્સ્પેક્ટર ઉમેશ માહ્યાવંશી,કેયુર વાગેલા, D.I.A.ના પ્રમુખ પવન અગ્રવાલ, ઉપપ્રમુખ આર.કે.શુક્લા સહિત અનેક આગેવાનો, વાલીઓ અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## ગણદેવી-અમલસાડ રોડ પર બોકડિયા ખાડીમાં રાતોરાત કચરો ઠલવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૧ :** ગણદેવીથી અમલસાડ તરફ જતાં માર્ગ પર બોકડિયા ખાડીમાં અજાણ્યા વાહનચાલક દ્વારા મોડી સાંજે મોટા જથ્થામાં પ્લાસ્ટિકનો કચરો ઠાલવી દેવાની ગંભીર ઘટના સામે આવી છે. નગરપાલિકાની જાણ બહાર બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો તેમજ પર્યાવરણ-પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ શનિવારે મોડી સાંજે અજાણ્યા વાહનમાં પ્લાસ્ટિક વેસ્ટનો મોટો જથ્થો લાવી બોકડિયા ખાડીના કિનારે બેફામ રીતે ઠાલવી દેવામાં આવ્યો હતો. સવારે આ માર્ગ પરથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકોની નજર પડતાં ખાડી પાસે પ્લાસ્ટિકના કચરાનો મોટો ઢગલો જોવા મળ્યો હતો. બોકડિયા ખાડીનો જળપ્રવાહ અંબિકા નદીમાં મળે છે. જેના કારણે ખાડીમાં આ રીતે પ્લાસ્ટિકનો કચરો ઠલવાતા વરસાદી પાણી સાથે પ્લાસ્ટિકનો કચરો જળપ્રવાહમાં ભળી અંબિકા નદી અને દેવધા ડેમના જળસ્ત્રોતને પણ પ્રદૂષિત કરવાની શક્યતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉપરાંત, કચરાના કારણે ખાડીના કુદરતી જળપ્રવાહમાં અવરોધ ઊભો થવાની પણ ભીતિ છે. ગણદેવી-અમલસાડ માર્ગ પરના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી રાત્રિના સમયે કચરો ઠાલવનાર વાહનચાલકની ઓળખ કરી તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

જળસ્ત્રોતની આસપાસ આ પ્રકારની બેદરકારીભરી રીતે કચરો ઠાલવવાની ઘટનાઓને રોકવા માટે તંત્ર દ્વારા નિયમિત દેખરેખ અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ સ્થાનિકોએ માંગ કરી છે.

### નવસારીમાં જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠક મળી

## નેશનલ હાઈવે-૪૮ અને ૫૬ પરથી ૩૩૧ જેટલાં દબાણો દૂર કરાયા



**નવસારી, તા. ૨૧ :** નવસારી જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ નહિવત થાય અને વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય તે માટે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટી તથા જિલ્લા હાઈવે સેફ્ટી કાઉન્સીલની બેઠકો યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરે નવસારી જિલ્લામાં ૧૯ બ્લેક સ્પોટના નિવારણ માટેના જરૂરી સુચનો કર્યા હતા. જેમાં ખાસ કરીને નેશનલ હાઈવે-૪૮ તથા ૫૬ પર સ્ટ્રીટલાઈટ મુકવા, હેઝાર્ડ બોર્ડ, ક્રેશ બેરીયર, બ્રિજ પર હાઈમાસ સહિતની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં આવેલી તમામ શાળાની બસોનું ઈન્સ્પેક્શન કરવા શાળા સંચાલકો તથા સંબધિત અધિકારીઓને સુચના આપી હતી. હાઈવે ઓથોરિટીના અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે-૪૮ પરથી ૨૧૯ અને નેશનલ હાઈવે-૫૬ પરથી ૧૧૨ મળીને કુલ ૩૩૧ તથા પંચાયત હસ્તકના રસ્તા પરના ત્રણ જેટલા દબાણો દૂર કરી દેવાયાની વિગતો આપી હતી. આગામી તા.૨૪મીએ સેવા સંકલ્પ અભિયાન હેઠળ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હોવાની વિગતો આપી હતી.

આ અવસરે કલેક્ટરશ્રીના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ કર્મીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકમાં નવસારી મ્યુ.કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટર જે.એન.લિખિયા, આર.ટી.ઓ. અધિકારી આકાશ પટેલ, માર્ગ અને મકાન, હાઈવે તથા માહિતીખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગ જિલ્લામાં વંચિત બાળકોનો સન્માન સમારોહ અને 'બેક ટુ સ્કૂલ' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**સાપુતારા, તા. ૨૧ :** ડાંગ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના સંયુક્ત ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત શિક્ષણથી વંચિત બાળકોને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવાના હેતુથી 'વંચિત બાળકોનો સન્માન સમારોહ' તથા 'બેક ટુ સ્કૂલ' કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણથી વંચિત રહેલા બાળકોને ઓળખી તેમને પુનઃ શાળા શિક્ષણ સાથે જોડવા તથા તેમના શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં વાસુર્ણા તેજસ્વીની ધામનાં પ.પૂ. હેતલ દીદી, ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશકુમાર ત્રિવેદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.ડી. દેશમુખ, આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિરામભાઈ સાવંત, નકુલ જાદવ, EI રોહનભાઈ ટંડેલ, કાલિદાસ આહિર સહિત વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન વંચિત બાળકોનું સન્માન કરી તેમને શાળામાં નિયમિત શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ આ પહેલ બાળકોને શિક્ષણની મુખ્યધારા સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. દરેક બાળક શાળામાં અને દરેક બાળક શિક્ષિત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમને ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો અને વાલીઓ દ્વારા આવકારવામાં આવ્યો હતો.

## ડાંગમાં વનભાજી મહોત્સવ કાર્યક્રમ યોજાયો

### ડાંગના ૩૧૧ પૈકી ૨૧૧ ગામોમાં ગ્રામ વિકાસ સાથે સંસ્કૃતિ, દેશી બિયારણ અને પરંપરાગત જ્ઞાનના સંરક્ષણની કામગીરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૧ :** આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ (સેવાધામ) દ્વારા ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી ડાંગ પ્રેરણાવૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ડાંગના કુલ ૩૧૧ ગામોમાંથી ૨૧૧ ગામોમાં ૧૧ મંગલવૃત્તિઓ દ્વારા ગ્રામ વિકાસની સાથે આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને પ્રાકૃતિક વારસાના જતન માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

આ અંતર્ગત તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સિલોટમાળ ખાતે વનભાજી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં વિવિધ પ્રકારની દેશી વનભાજીઓનું પ્રદર્શન યોજાયું હતું તેમજ તેના પરંપરાગત ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી.

ડાંગની આદિવાસી પરંપરામાં વનભાજીનું વિશેષ મહત્વ છે. જંગલમાંથી મળતી દેશી ભાજીઓની ઓળખ, ઉપયોગ અને તેના પરંપરાગત જ્ઞાનને જાળવી રાખવા માટે ગામની મહિલાઓ, બાળકો અને વડીલોને આ પ્રવૃત્તિ સાથે જોડવામાં આવી રહ્યા છે. આ જ્ઞાનનું દસ્તાવેજીકરણ કરીને તેને આગામી પેઢી સુધી પહોંચાડવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. ડાંગ પ્રેરણાવૃત્તિ હેઠળ આદિવાસી યુવાનો માટે રોજગારલક્ષી તાલીમ, લુપ્ત થઈ રહેલા દેશી બિયારણનું સંરક્ષણ તથા પશુપાલન માટે જંગલ અને ખેતરમાં મળતા ઘાસ અંગે અભ્યાસ જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

વનભાજી મહોત્સવમાં વિવિધ ભાજીઓના પ્રદર્શનને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓ માટે પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં પંકજભાઈએ મુખ્ય વક્તવ્ય આપ્યું હતું, જ્યારે ગણેશભાઈ અને રાહુલભાઈએ નિરીક્ષક તરીકેની જવાબદારી સંભાળી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, ગામના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વનભાજીઓના જતન સાથે તેના પરંપરાગત જ્ઞાનને જાળવી રાખી આગામી પેઢી સુધી પહોંચાડવાનો છે.

## દાંડી બીચ પર સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** ભારત સરકારના વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલયના 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર ૫.૦' કાર્યક્રમ અંતર્ગત ઐતિહાસિક દાંડી બીચ ખાતે બૃહદ દરિયાકિનારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાન ધારાસભ્ય આર.સી. પટેલની અધ્યક્ષતામા તથા કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયના નોડલ ઓફિસર, પ્રાંત અધિકારી નવસારી તથા વન અધિકારીઓની ઉપસ્થિતિમાં દરિયાકિનારાને સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનમાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ - કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહિયારા પ્રયાસો દ્વારા દાંડીના દરિયાકિનારા પરથી પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કરી યોગ્ય નિકાલની કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ દરિયાઈ પર્યાવરણના સંરક્ષણ, પ્લાસ્ટિકનો ઘટાડો તથા દરિયાકિનારાની સ્વચ્છતા જાળવવા માટે જનભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવી હતી. દરિયો અને દરિયાકિનારો માત્ર પર્યટન માટે જ નહીં પરંતુ પર્યાવરણ અને જૈવવિવિધતાના સંરક્ષણ માટે પણ મહત્વપૂર્ણ હોવાથી દરેક નાગરિકે સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી. 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર ૫.૦' અભિયાન અંતર્ગત યોજાયેલ આ બૃહદ સ્વચ્છતા ઝુંબેશ દ્વારા દાંડી બીચને સ્વચ્છ રાખવા સાથે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો જનસંદેશ આપવામાં આવ્યો હતો.

## ડાંગ પ્રયોશા લોક વિજ્ઞાન કેન્દ્રમાં નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૧ :** ગુજરાત રાજ્યના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજકોસ્ટ દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬ ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ઃ સંભાવનાઓ અને પડકારો વિષય આધારીત ધોરણ ૮થી ૧૦ સુધીના વિધ્યાર્થીઓ માટેનું આયોજન પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર, ડાંગ ખાતે કરવામાં આવેલ હતું.



ઉપરોક્ત કાર્યક્રમમાં ૪૧ જેટલી શાળાઓએ સહભાગ દર્જ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપપ્રાગટ્ય કરાવી પાત્રતા કસોટી લેવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ઃ સંભાવનાઓ અને પડકારોઃ વિષય આધારીત પ્રેઝેન્ટેશન રજુ કરવામાં આવ્યા હતાં. જેમાં પ્રાથમિક વિભાગમાથી પ્રથમ ક્રમે પાર્થ વઢાલી, સેંટ થોમસ ઇ. મિ. સ્કુલ, ઝવડા અને દ્વિતિય ક્રમે દક્ષ પ્રજાપતિ, આશ્રમ વિધ્યાલય, આહવા તેમજ માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે મંથન વાઘમારે, દિપદર્શન માધ્યમિક શાળા, આહવા અને દ્વિતિય ક્રમે પાર્વતિબેન ભિવસન, બિરસા મુંડા સરકારી માધ્યમિક શાળા, આહવા વિજેતા જાહેર કરવામા આવ્યા હતાં. જેમાં થી બન્ને વિભાગના પ્રથમ ક્રમે આવેલા વિજેતા વિધ્યાર્થીઓ રાજ્ય કક્ષામા સહભાગી થવા જશે.

કાર્યક્રમમાં સવિતાબેન બી. પંડિત, તેજસ આર. સોનવણે અને સેમ્યુયલ એસ. ભોવર દ્વારા નિર્ણાયકની ભૂમિકા બજાવવામાં આવી હતી. વિજેતા વિધ્યાર્થીઓને ટ્રોફી તથા સહભાગી પ્રમાણપત્ર અને ઉર્વરીત વિધ્યાર્થીઓને સહભાગી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સાયન્સ કોમ્યુનિકેટર સાગર વ્યવહારે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કો-ઓર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા સહભાગી શાળાઓનું તેમજ નિર્ણાયકઓનું આભાર માની કાર્યક્રમ પુરો થવાની જાહેરાત કરવામાં હતી.

## બીલીમોરાના ગણેશ મંડળ દ્વારા ૧૩મા વર્ષે રક્તદાન શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૧ :** ધર્મ અલગ હોઈ શકે, પરંતુ રક્તનો રંગ એક જ છે એ ભાવનાને ચરિતાર્થ કરતા બીલીમોરાના સ્ટેશન રોડ સ્થિત 'લાલ વાવટાની ગલી'ના એકતા યુવક ગણેશ મંડળે ગણેશોત્સવને સાચા અર્થમાં માનવસેવાનો મહોત્સવ બનાવ્યો છે. છેલ્લા ૧૩ વર્ષથી ચાલી આવતી પરંપરા અંતર્ગત મંડળ દ્વારા આ વર્ષે યોજાયેલી રક્તદાન શિબિરમાં ૨૫૮ બોટલ રક્ત એકત્રિત કરાયું હતું, જે સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩,૦૦૦ બોટલને પાર પહોંચ્યો છે. આ સેવાકીય યજ્ઞની વિશેષતા એ છે કે તેમાં મુસ્લિમ સમાજના NRI દાતાઓ નજમાબેન અબ્બાસભાઈ મલેક અને મેકી અબ્બાસભાઈ મલેકનો સતત આર્થિક સહયોગ મળતો રહ્યો છે, જે સમગ્ર પંથકમાં હિન્દુ-મુસ્લિમ



એકતા અને ભાઈચારાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ શિબિરમાં તમામ રક્તદાતાઓને પ્રોત્સાહક ભેટ તરીકે કેટલી અને કેસરોલ તથા લકી ડ્રો વિજેતાઓને ટીવી, ઓવન, એર ફ્રાયર, સાયકલ અને ટ્રોલી બેગ જેવા આકર્ષક ઈનામો એનાયત કરાયા હતા. આ પ્રસંગે નવસારી ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહ, પાલિકા પ્રમુખ મનીષ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી શાંતિલાલ પટેલ, સનમભાઈ પટેલ, શહેર પ્રમુખ નીરવ ટેલર, ગણદેવી તાલુકા પંચાયત ઉપપ્રમુખ મહેશ હળપતિ, ગણદેવી તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ ભાવિન પટેલ, ઈકબાલભાઈ, અઝીઝખાન પઠાણ, સુમિત્રાબેન પટેલ,ઉર્વશીબેન પટેલ, પ્રવિણ ઉર્ફે ભોજા પટેલ સહિત મંડળના કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ધાર્મિક આસ્થાની સાથે અજાણ્યા જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાન આપતી આ અનોખી પહેલને નગરજનોએ બિરદાવી હતી.

### જિલ્લા સંકલન સમિતિ, કાયદો અને વ્યવસ્થા, સ્વચ્છતા હી સેવા, કોસ્ટલ સિક્યુરીટી સહિત

## નવસારીમાં તબક્કાવાર બેઠકોની યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ)**

નવસારી, તા. ૨૧ : જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક, કાયદો અને વ્યવસ્થા, સ્વચ્છતા હી સેવા, ધાર્મિક દબાણો હટાવવા તથા કોસ્ટલ સિક્યુરીટી સહિતની તબક્કાવાર બેઠકો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વિવિધ પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા કરીને તેના નિકાલ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠકમાં ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈએ સોનવાડી જમીન ધોવાણ થવાથી તત્કાલ પ્રોટેકશન વોલ બનાવવા તથા જે વેપારીઓની પુર રાહત બાબતેની અરજીઓ આવી છે તેનો ઝડપી નિકાલ કરવા અંગે રજુઆત કરી હતી. આ ઉપરાંત તેમણે અમલસાડ એનેચ રોડ પર જમીન સંપાદન બાબતે રજુઆત કરી હતી. જે બાબતે કલેકટરશ્રીએ સંબધિત વિભાગના અધિકારીઓને સત્વરે કાર્યવાહી કરવાની સુચના આપી હતી.

બેઠકમાં કલેક્ટરએ વિવિધ ગામોની મુલાકાત દરમિયાન ગ્રામજનો દ્વારા પાણીના નિકાલ, ગેરકાયદેસર નાળા, નહેરમાં પુરાણ, ટ્રાન્સફોર્મર હટાવવા, જર્જરીત ઓરડાઓ તોડવા, આંગણવાડીની જગ્યા અંગે રજૂ થયેલા પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આગામી દિવસોમાં ગણેશ વિસર્જનના સમયે ટ્રાફિક રૂટ, પાર્કિંગ, લાઈટીંગ સહિતની સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબધિત અધિકારીઓને સુચનાઓ આપી હતી. આ ઉપરાંત કોઈ અનિશ્વનિય બનાવ ન બને તે માટેની તકેદારીના યોગ્ય પગલાઓ લેવા જણાવ્યું હતું. આ ઉપરાંત ધાર્મિક દબાણો તથા કોસ્ટલ સિકયુરીટીની બેઠકમાં જરૂરી સુચનો કર્યા હતાં.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, નવસારી મહાનગરપાલિકા મ્યુ.કમિશનર જયેશ ઉપાધ્યાય, વાંસદા પ્રાયોજના વહીવટદાર સ્વપ્રિલ સિસેલ, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી જે.એન.લિખિયા, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૧-૦૯-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** ભાદરવો, અગિયારસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૨ **સૂર્યાસ્ત** ૦૬ :૩૨, **ચંદ્રોદય** - ૦૩:૫૬ **ચંદ્રાસ્ત** - ૦૩:૧૦ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** નોકરી કે વ્યવસાયમાં ચર્ચા, સમજૂતી અથવા મહત્વપૂર્ણ નિર્ણય માટે દિવસ અનુકૂળ બની શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** નાણાકીય બાબતમાં સાવચેતી રાખવી અને જરૂરિયાત કરતાં વધુ ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :** તમારી કલ્પનાશક્તિ સારી રહેશે અને કોઈ જૂની યોજના નવી રીતે ઉપયોગી બની શકે છે. કામમાં ઉતાવળ કરતાં યોગ્ય માહિતી મેળવીને આગળ વધશો તો વધુ ફાયદો થઈ શકે છે.

**કર્ક (ડ, હ) :** કોઈ અચાનક માહિતી સામે આવી શકે છે, તેથી નિર્ણય લેતા પહેલાં વિચાર કરવો.

**સિંહ (મ, ટ) :** ઘર માટે ખરીદી અથવા કોઈ સુંદર વસ્તુ લેવાનો વિચાર આવી શકે છે. જીવનસાથી, પરિવારના સભ્ય અથવા નજીકના મિત્ર તરફથી અચાનક સમાચાર મળી શકે છે, તેથી તેમની વાત ધ્યાનથી સાંભળવી.

**કન્યા (પ, ઠ, ણ) :** ખરીદી કરતી વખતે જરૂર કરતાં વધારે ખર્ચ થઈ શકે છે, તેથી બજેટનું ધ્યાન રાખવું. નોકરી, સ્વાસ્થ્ય અથવા રોજિંદા જીવન સાથે જોડાયેલી કોઈ અચાનક બાબત સામે આવી શકે છે.

**તુલા (ર, ત) :** અન્ય લોકોની સમસ્યાઓ પ્રત્યે તમારી સંવેદનશીલતા વધશે. જોકે બનાવેલા સામાજિક પ્લાનમાં અચાનક ફેરફાર થઈ શકે છે, તેથી લવચીક રહેવું.

**વૃશ્ચિક (ન, ય) :** તમને કોઈ એવી માહિતી મળી શકે છે જેનાથી ખુશી થાય અથવા તમારી પ્રતિષ્ઠા સુધારવાની તક મળે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** મુસાફરી અથવા રોજિંદા કામ દરમિયાન તમારી વસ્તુઓ અને આસપાસની પરિસ્થિતિનું ધ્યાન રાખવું.

**મકર (ખ, જ) :** પૈસા અને કિંમતી વસ્તુઓની સુરક્ષા અંગે સાવચેતી રાખવી, કારણ કે અણધાર્યો ખર્ચ અથવા નુકસાનની સ્થિતિ ઊભી થઈ શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** લાગણીઓ થોડી તીવ્ર રહી શકે છે, તેથી તરત પ્રતિક્રિયા આપવાને બદલે થોડો સમય લઈને વિચારવો.

**મીન (દ, ચ, થ, ઝ) :** સમજદારીથી વાતચીત કરશો તો નાણાકીય અને વ્યવસાયિક બાબતોમાં સકારાત્મક પરિણામ મેળવી શકશો. શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે**

**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૬૭૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

સ્થાનિક સમાચાર
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ બચાવવાનો સંદેશ

# વાપીમાં ગણેશ વિસર્જન માટે આવેલા ભક્તોને ૧૧૦૦ છોડનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** ગણેશોત્સવ દરમિયાન ભક્તિ અને આસ્થાના માહોલ વચ્ચે વાપીમાં પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો. દમણગંગા નદીના પટ ખાતે ગણેશ વિસર્જન માટે પહોંચેલા ભક્તોને લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશન (વાપી એનિમલ રેસ્ક્યુ) દ્વારા કુલ ૧૧૦૦ જેટલા છોડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ગણેશજીને વિદાય આપવાની સાથે પ્રકૃતિની જાળવણી અને શહેરમાં હરિયાળી વધારવાનો સંદેશ લોકો સુધી પહોંચે તે હેતુથી દોઢ, અઢી અને પાંચ દિવસના ગણેશ વિસર્જન દરમિયાન આ અભિયાન હાથ ધરાયું હતું. ભક્તોને ફળ, ફૂલ તેમજ ઔષધીય છોડ ભેટમાં આપવામાં આવ્યા હતા.આ ઉપરાંત વિસર્જન બાદ નદીમાં ફૂલ, હાર, પ્લાસ્ટિક કે અન્ય પૂજા સામગ્રી ન નાખવા અને દમણગંગા નદીના પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે પણ ભક્તોને અપીલ કરવામાં આવી હતી. લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશનના વર્ધમાન શાહે જણાવ્યું હતું કે, ગણેશોત્સવ જેવા મોટા જનઉત્સવના માધ્યમથી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાનો સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે આ પહેલનો મુખ્ય ઉદેશ છે.

# ધોડીપાડામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૧ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉમરગામ તાલુકાના ધોડીપાડા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તથા તેમના પ્રશ્નો અને જરૂરીયાતોનું સ્થળ પર જ નિરાકરણ થાય તેવો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉપસ્થિત ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી, માર્ગદર્શન અને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી હતી. તેમજ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે જરૂરી પ્રક્રિયા અને દસ્તાવેજો અંગે પણ લાભાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જનસેવાને કેન્દ્રમાં રાખીને સરકારની યોજનાઓનો લાભ સીધો લોકો સુધી પહોંચાડવાના આ પ્રયાસથી સેવા, સંકલ્પ અને સમર્પણની ભાવનાને વધુ મજબૂતી મળી હતી.

# સેલવાસમાં યુટીટી પ્રથમ સ્તરની ટેબલ ટેનિસ રેન્કિંગ ટુર્ના. યોજાઈ

**બે દિવસીય ટુર્ના.માં ૮૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૧ :** દમણ અને દીવ ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા UTT પ્રથમ યુટી સ્તરીય ટેબલ ટેનિસ રેન્કિંગ ટુર્નામેન્ટનું આયોજન ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ સિલવાસા લાયન્સ સ્કૂલ પરિસરમાં કરવામાં આવ્યું હતું. ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TTFI) સાથે સંલગ્ન એસોસિએશન દ્વારા આયોજિત આ બે દિવસીય ટુર્નામેન્ટમાં ૮૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં બાળકા, બાળકી, પુરુષ અને મહિલા વર્ગ સહિત કુલ ૧૨ અલગ-અલગ કેટેગરીમાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ કેટેગરીમાં યોજાયેલા મુકાબલાઓમાં ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કરી રોમાંચક સ્પર્ધા સર્જી હતી. આ ટુર્નામેન્ટના પરિણામના આધારે વિવિધ કેટેગરીમાંથી પસંદગી પામેલા ખેલાડીઓ આગામી મહિનાઓમાં યોજાનારી રાષ્ટ્રીય સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધાઓમાં દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરશે. જેના કારણે સ્થાનિક ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની મહત્વપૂર્ણ તક મળશે.

સમાપન સમારોહમાં એસોસિએશનના મહાસચિવ જયેશ જોશીએ તમામ ખેલાડીઓને તેમના ઉત્સાહપૂર્ણ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિવિધ કેટેગરીના વિજેતા અને ઉપવિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે તમામ કેટેગરીમાં કુલ ૪૦ હજાર રૂપિયાની રોકડ પુરસ્કાર રકમ પણ આપવામાં આવી હતી.

જયેશ જોશીએ ટુર્નામેન્ટના સફળ આયોજનમાં સહયોગ બદલ દાદરા અને નગર હવેલી ટેબલ ટેનિસ એસોસિએશનના હોદ્દેદારો, અધિકારીઓ અને તમામ સ્પોન્સરોનો આભાર માન્યો હતો. તેમણે સિલવાસા લાયન્સ સ્કૂલના સંચાલનનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધરમપુરમાં એમએસવીએસ કેળવણી મંડળની સાધારણ સભા મળી

**સભામાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાતા ૧૧ ટ્રસ્ટીઓના નામો મંજૂર થયા**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૧ :** મહારાણા શ્રી વિજયદેવજી સાર્વજનિક કેળવણી મંડળ, ધરમપુરની ખાસ સાધારણ સભા રવિવારે શ્રી એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે મળી હતી. ટ્રસ્ટીઓની મુદત પૂર્ણ થતાં બંધારણની જોગવાઈ મુજબ નવેસરથી ટ્રસ્ટીઓની નિમણૂક કરવાના એજન્ડા નં. ૩ પર કાર્યવાહી હાથ ધરાઈ હતી. સભામાં તખતસિંહ પ્રભાતસિંહ સોલંકીએ ૧૧ નામોની લેખિત દરખાસ્ત રજૂ કરી હતી, જેને હેમંતકુમાર અજીતસિંહ સોલંકીએ ટેકો આપ્યો હતો.

દરખાસ્તમાં જીવણભાઈ બાબુભાઈ આહીર, ધનેશભાઈ ગોવિંદભાઈ ચૌધરી, વિજયભાઈ નારાણભાઈ પાંનેરીયા, ગણેશભાઈ દુર્લભભાઈ બિરારી, મનીષકુમાર રજનીકાંત પટેલ, ધીરજસિંહ ભગવાનસિંહ રાઠોડ, જયેશકુમાર અજીતભાઈ સોલંકી, કનુભાઈ રણછોડભાઈ સોલંકી, જયદીપસિંહ અભયસિંહ સોલંકી, ઠાકોરભાઈ કીકાભાઈ આહીર અને વિજયભાઈ ગોવિંદભાઈ આહીરના નામનો સમાવેશ થયો હતો. ચર્ચા બાદ આ ૧૧ નામોની દરખાસ્તને સભાએ વિશાળ બહુમતીથી મંજૂરી આપી હતી. બીજી તરફ સભાસદ મુકેશભાઈ લાલાભાઈ આહીરે મેહુલકુમાર ભીખાભાઈ આહીરના નામની દરખાસ્ત કરી હતી અને નવીનચંદ્ર ઢીમરે તેનો ટેકો આપ્યો હતો. જોકે આ દરખાસ્ત બહુમતીથી નામંજૂર કરવામાં આવી હોવાનું પ્રોસીડિંગમાં નોંધાયું છે. ઉપપ્રમુખ ધનેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બંધારણની જોગવાઈ મુજબ સામાન્ય સભા બોલાવી સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમના જણાવ્યા મુજબ ૧૧ ટ્રસ્ટીઓની દરખાસ્તને મોટા ભાગના સભાસદોનું સમર્થન મળ્યું હતું, જ્યારે બાદમાં મેહુલકુમાર આહીરે પોતાની દાવેદારી રજૂ કરી હતી, જેને સભાનું સમર્થન મળ્યું ન હતું.

મેહુલકુમાર આહીરે આ પ્રક્રિયા સામે વાંધો ઉઠાવતા જણાવ્યું હતું કે તેમના નામની લેખિત દરખાસ્ત મુકેશભાઈ લાલાભાઈ આહીરે રજૂ કરી હતી અને નવીનભાઈ ઢીમરે ટેકો આપ્યો હતો, પરંતુ રજૂઆત સભામાં વાંચવામાં આવી નહોતી. તેમનો દાવો છે કે સભામાં તેમના નામનો વિરોધ થયો નહોતો અને તેથી તેમની ટ્રસ્ટી તરીકેની નિમણૂક અંગે પ્રશ્ન ઊભો થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રોસીડિંગની નકલ પણ સમયસર આપવામાં આવી નહોતી. ન્યાય નહીં મળે તો ચેરિટી કમિશનર સમક્ષ રજૂઆત કરવાની તૈયારી બતાવી છે.

વલસાડ જિલ્લાના ફરતાં દવાખાના દ્વારા

# નેવરીમાં વાછરડીના પેટમાંથી ગાંઠનું સફળ ઓપરેશન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા. ૨૧ :** વલસાડ જિલ્લા માં પારડી તાલુકો અને નેવરી ગામ મા ફરતું દવાખાની અંદર એક ઈમર્જન્સી કેસ આવ્યો હતો તો અમારી એમ્બ્યુલન્સ ત્યાં તાત્કાલિક સારવાર માટે પહોંચી ગઈ હતી ત્યાં જઈને ડોક્ટરે જોતા વિનોદ ભાઈ ના ઘરે ૩ મહિના ની વાછરડી ને પેટમાં સારણ ગાંઠ (Umbilical Hernia) થયેલી જણવા મળી હતી તેથી ડૉકટર એ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે એમને Umbilical Hernia છે તો ત્યાં પોહચેલા emri green health services સંસ્થા ના ડોક્ટર સ્વાતી ગાવિત, ડૉ હેતલ, ડૉ ચિરાગ અને પાઈલોટ હિરેન, અશોક, ક્રિપાલ મળી ને હરણીયા ને મૂળ માં થી કાઢી ને ઓપરેશન કર્યું હતું અને હરણ્યા નાં દુખાવા માંથી મુક્ત કરવામાં આવી હતી. આ રીતે એમનો જીવ બચાવા માં આવ્યો હતો એ બદલ પશુ માલીક એ EMRI green health services સંસ્થા અને એમના ડોક્ટર અને પાયલોટને આભાર માનવામાં આવ્યો હતો.

# વાપી-દમણ-સેલવાસ દધીચી સમાજ દ્વારા મહર્ષિ દધીચીની જન્મજયંતિ ઉજવાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,દમણ, તા. ૨૧ :** વાપી-દમણ-સેલવાસ દધીચી સમાજ દ્વારા મહર્ષિ દધીચીની જન્મજયંતિ શ્રદ્ધા અને આનંદના વાતાવરણમાં ઉજવવામાં આવી હતી. ધર્મના રક્ષણ અને લોકકલ્યાણ માટે ભગવાન ઈન્દ્રની વિનંતીથી પોતાના અસ્થિઓનું દાન કરનાર મહર્ષિ દધીચીના મહાન બલિદાનને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યું હતું.

સુગર એન્ડ સ્પાઈસ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમનું ઉદ્ઘાટન વાપી મ્યુનિસિપલ કાઉન્સિલર મનીષા દયામા સહિતના આગેવાનો અને અધિકારીઓ દ્વારા મહર્ષિ દધીચી તથા માતા દધીમતીના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દધીચી મહિલા મંડળ દ્વારા સંગીતમય સમૂહ મંગલ પાઠ તથા પૂજા-પ્રાર્થના કરવામાં આવી હતી. સૂર્યપ્રકાશ દધીચ અને સાથીઓ દ્વારા ભગવાન શિવ, માતા દધીમતી તથા રાધા-કૃષ્ણને સમર્પિત સ્તોત્રોની રજૂઆત કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સમાજના આગેવાન બી.કે. દયામાએ મહર્ષિ દધીચીના જીવન અને તેમના મહાન બલિદાન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે દેવોના રાજા ઈન્દ્રએ વૃત્રાસુરના વધ માટે વજ્ર બનાવવા મહર્ષિ દધીચીના અસ્થિઓની માંગણી કરી હતી. લોકકલ્યાણ અને ધર્મની રક્ષા માટે મહર્ષિ દધીચીએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. તેમના જીવનમાંથી સમાજે ત્યાગ, સેવા અને પરોપકારની પ્રેરણા લેવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે દધીચી સમાજ દ્વારા વાપીમાં નેત્રદાન અભિયાન શરૂ કરવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો. સમાજસેવામાં યોગદાન બદલ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા કાઉન્સિલરો સત્યનારાયણ કુડાલ, શિવકુમાર ઓઝા, ચંદ્રકાંત દયામા, હેમલતા ઓઝા અને મનીષા દયામાનું શાલ અને ગુલદસ્તો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

# વાપીની રૂદેય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૩૭૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વલસાડ જિલ્લા ની નાનકડી સંસ્થા રુદેય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલુ વર્ષમાં કુલ ૩૭૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે. ગત ૪ વર્ષથી સંસ્થા સતત વૃક્ષારોપણનું કામ અવિરતપણે કરી રહી છે. ફૂલ નહીં પણ ફૂલની પાંખડી સમાન કાર્ય કરવા માટે માનનીય વડાપ્રધાનના એક પેડ માં કે નામ ના આહવાનને અનુસરી કુદરતલક્ષી સેવા કાર્ય સંસ્થા દ્વારા દર વર્ષે કરવામાં આવે છે.

હાલ ચાલુ વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા કુલ ૩,૭૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર વલસાડ જિલ્લા નર્મદા અને ભરૂચ જિલ્લા ખાતે કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ છાયડાના રોપા, વિવિધ ફળ ઝાડ ના રોપા અને બાગ બગીચા બ્યુટીફિકેશન ને ધ્યાનમાં રાખી ફૂલછોડના રોપા વિતરણ કરવામાં આવ્યા છે.

સંસ્થાના પ્રમુખ એવા બીપીનભાઈ દેસાઈ ની આગેવાનીમાં ગોકુલ વિહાર ટાઉનશીપ, સામ્રાજ્ય સોસાયટી, શ્રીક્રિષ્ના ઈન્ટરનેશનલ શુક્લ, સરકારી પ્રાથમિકશાળા, આંગણવાડી તેમજ વાપી વિસ્તારના કેટલાક ઉધ્યોગીક એકમોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયો હતો.

તેમજ રહેણાંક વિસ્તારોમાં ઘર આંગણે સુશોભન કરવાના હેતુથી વૃક્ષ વિતરણ કરવામાં આવ્યા છે.

સાથે નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકામાં ખેડૂતોને શેઢા-પાડે વાવવા માટે કલમી આંબા, લીંબણ, સરગવા, સીતાફડી, ચીકુ, જમરૂખ જેવા વિવિધ ફળ આપતા વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે ભવિષ્યમાં ખેડૂત પરિવારને ઉપયોગી બની રહેશે. તેમજ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર વિસ્તારમાં કેટલીક સોસાયટીઓમાં વૃક્ષારોપણ માટે રોપા પુરા પાડવામાં આવ્યા હતા. તેમજ સાતપુડા અને વિંધ્યાચળ પર્વતમાળના ડુંગર વિસ્તારમાં આ વર્ષે ૨૦૦૦ થી વધુ સીડ્સ બોલનું વાવેતર ચોમાસા દરમિયાન કરવામાં આવેલ છે.

રુદેય ચેરીટેબલ ટ્રસ્ટના આ પ્રયાસને સફળ બનાવવા માટે સંસ્થાની વોલિએન્ટર ટીમ તેમજ ફોરેસ્ટ વિભાગ નો ખૂબ સારો સહકાર મળ્યો છે. મુખ્યત્વે જોડાયેલ કાર્યકરો એવા બીપીનભાઈ દેસાઈ, સુભાષભાઈ પટેલ, રાહુલભાઈ જેસવાર, રાજુભાઈ, રાહુલ તડવી, રણજીત તડવી, અમિત રાવલ, રઘુ મંડલ અમીબેન પંડ્યા, નીતી બેન પટેલ, અર્ચનાબેન દેસાઈ, કોકિલાબેન પંડ્યા, સત્યેન પંડ્યા વગેરે કાર્યકરોના સહિયારા પ્રયાસથી વૃક્ષારોપણ કાર્યક્રમ સફળ બની શક્યો છે.

# વાપી ઝંડાચોકના ગણપતિ મંડપમાં નવરાત્રીની ઝલક આકર્ષણનું કેન્દ્ર બની




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી શહેરના ઝંડાચોક જુના બસ ડેપો સામે ઝંડા ચોક યુવા મિત્ર મંડળ વાપી દ્વારા ગણપતિ મહોત્સવની ભક્તિમય ઉજવણી કરવામાં આવી રહી છે.

આ વર્ષે ગણેશ મંડળના મંડપમાં આગામી દિવસોમાં આવી રહેલા નવરાત્રી પર્વને ધ્યાનમાં રાખીને વિશેષ થીમ રજૂ કરવામાં આવી છે. મંડપમાં નવરાત્રી દરમિયાન ગરબા રમતા ખેલૈયાઓ તેમજ ગરબાની રમઝટ નિહાળતા પ્રેક્ષકોની આકર્ષક પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે. ગણેશોત્સવના મંડપમાં નવરાત્રીની ઝલક જોવા માટે વાપી વિસ્તારના ગણેશ ભક્તો અને મુલાકાતીઓમાં પણ ભારે આકર્ષણ જોવા મળી રહ્યું છે. વિશેષ સજાવટ સાથે તૈયાર કરાયેલી આ થીમ વાપી પંથકમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

# દમણ જીલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા 'રંગોળી રાષ્ટ્ર' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ

**દમણ, તા. ૨૧ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવા અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે નાની દમણ જેટી ખાતે 'રંગોળી રાષ્ટ્ર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણ જિલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ અને 'રંગોળી રાષ્ટ્ર' કાર્યક્રમના સંયોજક રૂક્ષ્મણીબેન ભાનુશાળીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં મહિલા મોરચાની કાર્યકર્તાઓએ નાની દમણ જેટી પર સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. ત્યારબાદ કાર્યકર્તાઓએ આકર્ષક રંગોળી બનાવી સ્વચ્છતા, સેવા અને રાષ્ટ્રભાવનાનો સંદેશ આપ્યો હતો. મહિલા કાર્યકર્તાઓ દ્વારા બનાવવામાં આવેલી રંગોળીએ નાની દમણ જેટી પર આવતા પ્રવાસીઓનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. અનેક પ્રવાસીઓએ રંગોળીની પ્રશંસા કરી તેની સાથે સેલ્ફી લઈને કાર્યક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ પ્રસંગે ભાજપ દમણ જિલ્લા મહિલા મોરચાના મહામંત્રી મીનાક્ષીબેન ટંડેલ, ઉપાધ્યક્ષ મિત્તલબેન માહ્યાવંશી સહિત મહિલા મોરચાના અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# દાનહ વારલી સમાજ સંગઠને MBBSમાં પસંદગી થયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૧ :** દાદરા નગર હવેલી વારલી સમાજ સંગઠન દ્વારા આદિવાસી વારલી સમાજના વિદ્યાર્થીઓએ ફ્સ્ચ્ હ્ગ્ ૨૦૨૬ની પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી Namo Medical Education and Research Institute ખાતે ખ્ગ્ઙના અભ્યાસ માટે પસંદગી મેળવતા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે વારલી સમાજ સંગઠનના આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા અને પરિવારજનોની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને સમાજ માટે ગૌરવની વાત ગણાવી આગેવાનોએ અન્ય વિદ્યાર્થીઓને પણ શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

MBBSમાં પસંદગી મેળવનાર વિદ્યાર્થીઓમાં ઉન્નતિ ધર્મેશ કાંકવા (ચિખલી), રોનિત રામા ટોકરે (સિંદોની), સલોની સોન્યા વરઠા (સાયલી), ગુરવ જીગનિતા દિપક (ધોડબારી), કાંકડ નિક્કી માલજી (સુરંગી), ખરપડિયા હરષના સંજયભાઈ (ધોડબારી), ઢીંઢા તનિષ્ક જુગલભાઈ (ચિંચપાડા) અને બીજ રોહન લક્ષી (દુધની)નો સમાવેશ થાય છે, વારલી સમાજના આ યુવાનો ભવિષ્યમાં વધુ પ્રગતિ કરે, પોતાના પરિવાર, સમાજ તેમજ દાદરા નગર હવેલીનું નામ રોશન કરે અને ડોક્ટર બની સમાજની સેવા કરે તેવી શુભકામનાઓ સાથે વારલી સમાજ સંગઠનના આગેવાનોએ તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# દમણની શ્રીનાથજી સ્કુલ અને કોલેજ હિન્દી પખવાડિયામાં ઝળકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** દમણના રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડાનું આયોજન કરાયું હતું જેમાં કોલેજ કેટેગરીમાં નિબંધ લેખન સ્પર્ધામાં પહેલું ઈનામ શ્રીનાથજી ગૃપ ઓફ કૉલેજની વિદ્યાર્થીની અનુ ધીરેન્દ્ર સિંહ ( SYBCom), બીજું ઈનામ શ્રીનાથજી ગૃપ ઓફ કૉલેજની વિદ્યાર્થીની મુસ્કાન મુકેશભાઈ પટેલ (FYBBA),ત્રીજું ઈનામ શ્રીનાથજી ગૃપ ઓફ કૉલેજના વિદ્યાર્થી જયંત મુકેશભાઈ પટેલ (લ્ગ્ગ્દ્) ને મળ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક કેટેગરીમાં નિબંધ લેખનમાં શ્રીનાથજી સ્કૂલની ધોરણ અગિયારની વિદ્યાર્થીની સોહાની કુમારી ને બીજુ ઈનામ મળ્યું હતું અને ઉચ્ચતર માધ્યમિક કેટેગરીમાં વકૃત્વ સ્પર્ધામાં સોહાની કુમારીને ત્રીજુ ઈનામ મળ્યું હતું. કર્મચારી વર્ગમાં કવિતા લેખન સ્પર્ધામાં શ્રીનાથજી ગૃપ ઓફ કૉલેજના પ્રોફેસર ડો. દીપ્તિ ગોયલ ને પહેલું ઈનામ મળ્યું કર્મચારી વર્ગમાં નિબંધ લેખનમાં ડો. દીપ્તિ ગોયલને બીજુ ઈનામ મળ્યું હતુ. શ્રીનાથજી સ્કૂલ અને શ્રીનાથજી કોલેજ ભેગા મળી કુલ સાત ઈનામ મેળવવામાં સફળ રહ્યા હતા. સંચાલક મંડળ તરફથી વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# દમણમાં સાવંત પરિવારે ૧૭૮માં વર્ષે ગૌરી-ગણેશની સ્થાપના કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, તા. ૨૧ :** ગણેશોત્સવમાં ભવ્યતા અને આડંબર વચ્ચે આજે પણ એક પરિવાર ૧૭૮ વર્ષથી સાદગી અને ભક્તિપૂર્વક ગૌરી-ગણેશની સ્થાપના કરી પરંપરા જાળવી રહ્યો છે. મૂળ ઉમરગામ તાલુકાના પાલીધુયા ગામના અને હાલ મોટી દમણ ખાતે રહેતા સાવંત પરિવારની આઠમી પેઢીએ પણ આ પરંપરા જાળવી રાખી છે. સાવંત પરિવારના કિરણભાઈ સાવંતના જણાવ્યા મુજબ, પેશ્વાઈ સમય દરમિયાન તેમના પૂર્વજ વિશ્રામ માધવરાવ સાવંતે પાલીધુયા નજીક આવેલા ઈન્દ્રગઢ કિલ્લા ખાતે ગૌરી-ગણેશ સ્થાપનાની શરૂઆત કરી હતી. ત્યારબાદ પરિવાર દ્વારા આશરે ૬૫ વર્ષ સુધી ત્યાં ઉત્સવ ઉજવાયો હતો. બાદમાં વાપીના ઝંડા ચોક અને કબ્રસ્તાન રોડ વિસ્તારમાં પરિવાર સ્થાયી થતાં ત્યાં પણ ૧૧૩ વર્ષ સુધી આ પરંપરા ચાલુ રહી હતી. હાલ સાવંત પરિવારના સભ્યો મોટી દમણમાં રહે છે, જ્યાં છેલ્લા ૧૩ વર્ષથી ગૌરી-ગણેશની સ્થાપના કરવામાં આવે છે.

રામચંદ્ર ગોવિંદ સાવંત, કિરણ રામચંદ્ર સાવંત, મહેન્દ્ર રામચંદ્ર સાવંત અને ત્યારબાદ તેમની આઠમી પેઠીના સંજય સાવંત, રાજ સાવંત અને આનંદ સાવંત સહિત પરિવારજનો આઠમી પેઢીએ પણ કોઈ ભપકા કે જલસા વિના ભક્તિભાવથી ઉત્સવ ઉજવે છે.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




## આમિર ખાને ૧૮ કિલો વજન ઘટાડ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૧ : સામાન્ય રીતે ૬૦ વર્ષની ઉંમરને વૃદ્ધાવસ્થા ગણવામાં આવે છે, જેમાં લોકો શરીરને આરામ આપવાનું પસંદ કરે છે, પરંતુ આમિર ખાને સાબિત કરી દીધું છે કે ઉંમર માત્ર એક નંબર છે. તેમણે ૬૦ની ઉંમરે ૧૮ કિલો વજન ઘટાડીને લોકોને સીધો પડકાર ફેંક્યો કે તમે કોઈ પણ ઉંમરે વજન ઘટાડી શકો છો. ખાસ વાત એ છે કે તેમણે આ વજન કોઈ પણ કઠિન વર્કઆઉટ, જીમ કે ડાયેટ વગર ઘટાડ્યું છે. હવે તમે વિચારતા હશો કે વર્કઆઉટ વગર વજન કેવી રીતે ઘટી શકે, તો એવા ઘણા ડાયેટ પ્લાન છે જેનાથી તમે વધારે વર્કઆઉટ કર્યા વિના વજન ઘટાડી શકો છો. તો ચાલો તમને આમિર ખાનના ડાયેટ અને ફિટનેસ રૂટિન વિશે વિગતવાર જણાવીએ. આમિર ખાનને માઈગ્રેનની સમસ્યા હતી. તેનાથી રાહત મેળવવા માટે તેણે 'એન્ટી-ઈન્ફ્લેમેટરી ડાયેટ' શરૂ કર્યું હતું. આ ડાયેટમાં કેટલીક વસ્તુઓથી પરેજ કરવો પડે છે અને કેટલીક હેલ્ધી વસ્તુઓ ખાવાનું શરૂ કરવું પડે છે. આમિરે આ ડાયેટ અપનાવ્યું અને તેને બેવડો ફાયદો થયો. માઈગ્રેનના દુઃખાવામાં રાહત મળવાની સાથે-સાથે તેમનું વજન પણ ઘટવા લાગ્યું અને થોડા જ મહિનામાં તેમણે ૧૮ કિલો વજન ઘટાડી દીધું. ન્યુટ્રિશનિસ્ટ રૂજુતા દિવેકરે એન્ટી-ઈન્ફ્લેમેટરી ડાયેટ વિશે જણાવ્યું કે, આ ડાયેટ ફોલો કરવાનો મુખ્ય હેતુ વજન ઘટાડવાનો નથી હોતો, પરંતુ શરીરને અંદરથી રિપેર કરવાનો હોય છે. આ ડાયેટમાં ખાંડ, મેંદો, આલ્કોહોલ, પ્રોસેસ્ડ ફૂડ અને સૂર્યમુખી જેવા કેટલાક તેલથી સંપૂર્ણપણે દૂર રહેવું પડે છે. તમારે એવી વસ્તુઓ બિલકુલ નથી ખાવાની જેનાથી શરીરમાં ફેટ (ચરબી) જમા થાય. શરીરની આંતરિક સૂજન ઓછી કરવા માટે આમિરે પોતાના ડાયેટમાં ડાર્ક ચોકલેટ, ફેટિ ફિશ, ચેરી, બ્રોકોલી, ગ્રીન ટી, એવોકાડો, દ્રાક્ષ, ટામેટાં, મશરૂમ અને બેરીઝ જેવી વસ્તુઓ સામેલ કરી. આ તમામ વસ્તુઓ શરીરની અંદરની સૂજન ઘટાડે છે અને પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. આ સાથે જ આ ડાયેટથી શરીરમાં ચરબી જમા થતી નથી. એવું બિલકુલ નથી કે આમિર ખાને માત્ર ડાયેટના આધારે જ વજન ઘટાડ્યું છે. તેઓ રોજ એક્સરસાઈઝ કરતા હતા, પરંતુ કોઈ હેવી વર્કઆઉટ નહોતા કરતા. તેઓ દરરોજ હળવી એક્સરસાઈઝ કરતા હતા, જેટલી તેમનું શરીર સરળતાથી સહન કરી શકે. આ ડાયેટ ફોલો કરીને તમે અઠવાડિયામાં જ પાતળા થઈ જશો એવું નથી. તેને તમારે રૂટિનમાં રાખીને લગભગ ૧ થી ૨ મહિના સુધી અપનાવવું પડે છે. તમે ઉંમરના ગમે તે પડાવ પર હોવ, ઊંઘનું ખાસ ધ્યાન રાખો. જો તમારી ઊંઘ પૂરી થશે તો તમારું શરીર ઝડપથી રિકવર થશે અને સારી રીતે કામ કરશે. ઊંઘ ઓછી હશે તો શરીર યોગ્ય રીતે કામ નહીં કરે.

## 'મહાભારત' ફેમ એક્ટર અને WWE રેસલર સૌરવ ગુર્જરની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૧ ◦ મહાભારતમાં ભીમનું પાત્ર ભજવીને જાણીતા થયેલા એક્ટર અને પૂર્વ WWE રેસલર સૌરવ ગુર્જર ની મુશ્કેલીઓ વધી છે. એક મહિલા દ્વારા શારીરિક શોષણની ગંભીર ફરિયાદના આધારે પોલીસે સૌરવ ગુર્જરની મુંબઈ એરપોર્ટ પરથી અટકાયત કરી લેવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એરપોર્ટ પરથી ધરપકડ કર્યા ત્યારબાદ તેમને હૈદરાબાદ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મેજિસ્ટ્રેટે તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યા છે. કેસની વિગતે વાત કરવામાં આવે તો, મહિલાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે વર્ષ ૨૦૨૧માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી સૌરવ ગુર્જર સાથે તેમની મુલાકાત થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ અને ગાઢ સંબંધો બંધાયા હતા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ બંનેની પ્રથમ રૂબરૂ મુલાકાત થઈ હતી, જ્યાં એક્ટરે લગ્ન કરવાનો વિશ્વાસ આપ્યો હતો. જો કે, બાદમાં લગ્નની વાત કરતા તે ગાયબ થઈ ગયો હતો તેવું મહિલાએ ફરિયાદમાં લખાવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પીડિત મહિલાએ આરોપ લગાવ્યો છે કે, સૌરવના કહેવાથી જ તેઓ અમેરિકાથી પોતાની સારી નોકરી છોડીને ભારત પાછા આવ્યા હતા. એક્ટરે સાથે મળીને નવો બિઝનેસ શરૂ કરવાનો દાવો કર્યો હતો. પરંતુ જ્યારે પણ મહિલા લગ્ન અંગે વાત કરતી, ત્યારે સૌરવ તેમનો ફોન નંબર બ્લોક કરી દેતો અને સંપર્ક તોડી નાખતો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઓક્ટોબર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ સુધી સૌરવ ગુર્જર હૈદરાબાદ ખાતે મહિલા સાથે રહ્યા હતા, પરંતુ એક દિવસ તેઓ અચાનક કોઈ પણ કહ્યા વગર ગાયબ થઈ ગયા હતા. મહિલાએ નોંધાવેલી ફરિયાદના આધારે હૈદરાબાદની ગાચીબોવલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. એક્ટર દેશ છોડીને ભાગી ન જાય તે માટે વોચ રાખવામાં આવી રહી હતી અને આખરે મુંબઈ એરપોર્ટ પરથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલ કોર્ટે તેમને જેલ હવાલે કર્યા છે અને પોલીસે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

## નોરા ફતેહીએ ૧૧ વર્ષ પહેલાં 'બિગ બોસ'માં લીધી હતી એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૧ :** બોલિવૂડની સુંદર અને ચર્ચાસ્પદ અભિનેત્રી નોરા ફતેહીએ તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે, તે શરૂઆતમાં 'બિગ બોસ ૯'માં જવા માટે તૈયાર નહોતી. તેણે 'બિગ બોસ'માં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી તરીકે જતાં પહેલાં મેકર્સ સમક્ષ એક શરત મૂકી હતી. પરંતુ, આ એક શોએ તેની કિસ્મત સંપૂર્ણપણે બદલી નાખી. નોરા ફતેહી હવે એક એવું નામ બની ચૂકી છે, જેને કોઈ ઓળખની જરૂર નથી. તેણે અનેક મ્યુઝિક વિડિયોઝ અને પોતાના ડાન્સના દમ પર આજે દેશમાં પોતાની એક અલગ ઓળખ બનાવી લીધી છે. પરંતુ, એક સમય એવો પણ હતો જ્યારે તેની ઓળખ બિગ બોસ કન્ટેસ્ટન્ટ તરીકે હતી. જોકે, આજે તે દેશનું જાણીતું નામ બની ચૂકી છે. આ વાત અલગ છે કે તે શરૂઆતમાં 'બિગ બોસ ૯'માં જવા નહોતી ઈચ્છતી. અભિનેત્રી નોરા ફતેહીએ તાજેતરમાં ખુલાસો કર્યો કે જે શોએ (બિગ બોસ) તેનું ભાગ્ય બદલી નાખ્યું, તે શરૂઆતમાં આ શોમાં એન્ટ્રી લેવાના પક્ષમાં નહોતી. નોરાએ જણાવ્યું કે જ્યારે તેને આ શો ઓફર થયો ત્યારે તેણે મેકર્સ સામે એક શરત મૂકી હતી, જે સ્વીકારાયા બાદ જ તેણે વાઈલ્ડ કાર્ડ તરીકે બિગ બોસ ૯માં એન્ટ્રી લીધી અને ભારે પ્રસિદ્ધિ મેળવી હતી.

સ્થાનિક સમાચાર સ્થાનિક સમાચાર સ્થાનિક સમાચાર સ્થાનિક સમાચાર

## કપરાડામાં સર્પદંશથી મૃત્યુ રોકવા ભગતમિત્રો માટે મહાઅભિયાનનો પ્રારંભ



**સર્પદંશમાં સૌથી કિંમતી વસ્તુ સમય : DFO લોકેશ ભારદ્વાજ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૦ :** આંતરરાષ્ટ્રીય સર્પદંશ જાગૃતિ દિવસ નિમિત્તે સર્પદંશથી થતા મૃત્યુ અટકાવવા ધરમપુરના સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) દ્વારા દેશમાં પ્રથમવાર ભગતમિત્રો અને તબીબો વચ્ચેની કડી મજબૂત કરવાના મહાઅભિયાનનો કપરાડા કોમ્યુનિટી હોલ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

SRIના વાઈસ ચેરમેન તથા ધરમપુરની સાંઈનાથ હોસ્પિટલના ડો. ડી.સી. પટેલની પ્રેરણાથી યોજાયેલા કાર્યક્રમમાં વલસાડ ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક (DFO) લોકેશ ભારદ્વાજ અધ્યક્ષસ્થાને રહ્યા હતા.

DFO લોકેશ ભારદ્વાજે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં સર્પદંશ બાદ લોકો વિશ્વાસના કારણે ભગતમિત્રો પાસે પહોંચે છે. આવી સ્થિતિમાં ભગતમિત્રો દર્દીને શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલ પહોંચાડવામાં સહયોગી બને તો સમયસર સારવાર મળી શકે છે. તેમણે કહ્યું કે, 'સર્પદંશમાં સૌથી કિંમતી વસ્તુ સમય છે.' એન્ટી સ્નેક વેનોમ જેવી અસરકારક સારવાર ઉપલબ્ધ હોવાથી દર્દીને વિલંબ કર્યા વગર હોસ્પિટલ પહોંચાડવો જરૂરી છે.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ અભિયાન કોઈ વ્યક્તિ, ધાર્મિક માન્યતા કે પરંપરા વિરુદ્ધ નથી, પરંતુ સર્પદંશથી થતા બિનજરૂરી મૃત્યુ અટકાવવાના હેતુથી શરૂ કરવામાં આવ્યું છે.

ડો. ડી.સી. પટેલે જણાવ્યું કે તેઓ વર્ષ ૧૯૮૭થી સર્પદંશના દર્દીઓની સારવાર કરી રહ્યા છે અને અત્યાર સુધીમાં ૨૨,૦૮૧ દર્દીઓની સારવાર કરી છે. તેમણે ભગતમિત્રોને દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં મહત્વની કડી બનવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં ડો. પટેલે પ્રેઝન્ટેશન દ્વારા ઝેરી-બિનઝેરી સાપના પ્રકાર, સર્પદંશની અસર તથા દર્દીઓની કેસ સ્ટડી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આહવા, વઘઈ, ડાંગ, ધરમપુર અને કપરાડા સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભગતમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના અધ્યક્ષ દક્ષાબેન ગાયકવાડ સહિતના આગેવાનો હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન ધરમપુરના આરએફઓ હેતલ ભંડારીએ કર્યું હતું.

## ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ



**ઉમરગામ, તા.૨૧ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે તાલુકા ભાજપ સંગઠન દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં સેવાભાવી રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ ૮૧ યુનિટ રક્તદાન કર્યું હતું.

શિબિરમાં વલસાડ રક્તદાન કેન્દ્રના તબીબો અને સ્ટાફ દ્વારા રક્તસંગ્રહની કામગીરી કરવામાં આવી હતી. રક્તદાન કરનાર તમામ દાતાઓને ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહના હસ્તે સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૫ વર્ષથી 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે એક-એક ક્ષણ રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરી છે. તેમના જન્મદિવસને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ઉજવવાનો હેતુ સમાજમાં સેવા અને સમર્પણની ભાવનાને વધુ મજબૂત કરવાનો છે.

## વાપીમાં ૧૫૦ વર્ષ જૂની ગૌરી-ગણેશ સાથે શ્રીજીનું સ્થાપન



**વાપી, તા.૨૧ :** વાપીમાં જ્યાં ગણેશોત્સવનું આધુનિક સ્વરૂપ જોવા મળી રહ્યું છે, ત્યાં વાપી ટાઉનમાં સાવંત પરિવાર છેલ્લા ૧૫૦ વર્ષથી પેશ્વા સમયની અનોખી ધાર્મિક પરંપરા આજે પણ જાળવી રહ્યું છે.

અર્જુનભાઈ સાવંતના ઘરે દર વર્ષે શ્રીજીની સ્થાપના સાથે ગૌરી-ગણેશની પૂજા કરવામાં આવે છે. પરંપરા મુજબ ગણેશ સ્થાપનાના ત્રીજા દિવસે અશ્વિની નક્ષત્રમાં ગૌરી માતાને ઘરમાં લાવવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ ગણેશજીના આગમન બાદ ત્રીજા દિવસે માતા પાર્વતી પોતાના પિયરમાં આવે છે. ત્યારે સાવંત પરિવાર દ્વારા ગૌરી માતાનું ભવ્ય આગતા-સ્વાગતા કરી, શ્રૃંગાર કરી પૂજન-અર્ચન કરવામાં આવે છે. માતા ગૌરીની પ્રતિમા એક ખાસ પ્રકારના છોડમાંથી તૈયાર કરવામાં આવે છે. જેના ઉપર માતાનું તૈયાર મુખ લગાવી મહારાષ્ટ્રીયન સાડી સાથે સૌભાગ્યવતી સ્ત્રીની જેમ શણગાર પણ કરાય છે. ઘરમાં માતાજીના વધામણા જેવો માહોલ સર્જાય છે. ત્યારબાદ મૂળ નક્ષત્રમાં ગણેશજી અને ગૌરી માતા બંનેની પ્રતિમાઓનું એક સાથે વિસર્જન કરવામાં આવે છે. આ દુર્લભ પરંપરાના દર્શન કરવા આજુબાજુના લોકો પણ મોટી સંખ્યામાં આવે છે. ખાસ કરીને મહારાષ્ટ્રીયન પરિવારના લોકો દર્શનાર્થે ઉમટી પડે છે. પહેલા વાપીમાં જૂજ મહારાષ્ટ્રીય પરિવાર ગૌરી ગણેશનું સ્થાપન કરતું હતું હવે સેંકડો પરિવાર મહારાષ્ટ્રથી વાપી પંથકમાં આવીને સ્થાઈ થયા હોય અનેક ઘરોમાં ગૌરી ગણેશ સ્થાપી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે.

## ચણવઈ એ.એમ.એસ. સ્કૂલનું ગૌરવ




**વલસાડ, તા. ૨૧ :** અતુલ નજીક ના ચણવાઈ માં A.M.S. English Medium School, ચણવઈ માટે આ સપ્તાહ ગૌરવપૂર્ણ રહ્યું. SGFI વલસાડ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. તાજેતરમાં યોજાયેલી સેપકટકરો સ્પર્ધામાં શાળાએ અંડર-૧૭ અને અંડર-૧૯ બહેનો વિભાગમાં જિલ્લા ચેમ્પિયન, અંડર-૧૪માં ઉપવિજેતા સહિત કુલ ૬ ટ્રોફી મેળવી હતી. જેના આધારે શાળાના ૧૪ ખેલાડીઓની વલસાડ જિલ્લા સેપકટકરો ટીમમાં રાજ્ય કક્ષા માટે પસંદગી થઈ છે. રાજ્ય કક્ષાએ પસંદ થયેલ ખેલાડીઓ સેજલ વર્મા, કિરત સોલંકી, નિજલ પટેલ, આંચલ વર્મા, આમેના ખાન, મહિમા યાદવ, નીરુ મેડા, લક્ષ્મી મેડા, કાજલ પટેલ, આલિયા પઠાણ, અનિશ ચાઈ, અબ્દુલ ખાન, કૃષ કુશવાહા અને વિશ્વજીત ઠાકર. બીજી તરફ વાપી માં યોજાયેલી વોલીબોલ સ્પર્ધામાં જિલ્લા ટીમ ઉપવિજેતા બની હતી અને શાળાની નિજલ આર. પટેલની વોલીબોલમાં પણ રાજ્ય કક્ષાએ પસંદગી થઈ છે. આમ નિજલે એક જ સપ્તાહમાં બે રમતમાં રાજ્ય કક્ષાએ સ્થાન મેળવી ડબલ સિદ્ધિ મેળવી છે. આ સિદ્ધિ બદલ વ્યાયામ શિક્ષક અશોક એન. ટંડેલઅને તમામ ખેલાડીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વલસાડ જીલ્લા સંકલન સમિતિની બેઠક મળી



**વલસાડ, તા.૨૧ :** વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની ઉપસ્થિતિમાં ધારાસભ્યો રમણભાઈ પાટકર, જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલે જુદા જુદા પ્રજાલક્ષી પ્રશ્નોની રજુઆત કરી હતી.

ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરે જુલાઈ-૨૬ ના પેન્ડીંગ પ્રશ્ન ફણસા ગામે તળાવ વાળી જુના સર્વે નં-૫૩૫,૫૩૬ જમીન ધી ટાટા એગ્રી કલ્ચર એન્ડ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડને ગ્રાંટ ન મળે ત્યાં સુધી ઉપયોગ માટે આપવામાં આવી હતી. હવે આ સંસ્થા ગ્રાંટેબલ હોઇ, જમીન પરત ગ્રામ પંચાયતને આપવા રજુઆત કરી હતી. ઉમરગામ મામલતદારે જમીન પરત લેવા નોટીસ આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

ધારાસભ્યે સીએચસી સેન્ટર ડહેલી ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા એક વર્ષથી ૧૮૦ જેટલા જન્મના પ્રમાણપત્રો આપવામાં આવ્યા નથી તેવી રજુઆત કરતાં કલેકટરે તાત્કાલિક ધોરણે બધા જ બાકી જન્મના પ્રમાણપત્રો અઠવાડિયામાં નિકાલ કરવા અને કામગીરીનો વિલંબ કરનારા સામે ખાતાકીય કાર્યવાહી કરવા પણ સુચના આપી હતી.

કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ કપરાડા તાલુકાના મેઘવાળ ગામે જ્યોતિગ્રામ યોજના હેઠળ રેલ્યુલર વીજળી ન મળવા બાબતે રજુઆત કરી હતી. ડીજીવીસીએલના અધિક્ષક ઈજનેરે જણાવ્યું હતું કે, અછારી ફીડર થી વીજળી આપવામાં આવે છે જેની લંબાઇ ૫૭ કિ.મી. જેટલી છે. જે પૈકી ૩૩.૫ કિમી. ઓવરહેડ થી અંડરગ્રાઉન્ડ કામગીરી પુર્ણ થઇ છે. અને ૧૯ કી.મી. લાઈન એમવીસીસી કોટેડ કરી છે. બાકી કામ બે માસમાં પુર્ણ થશે જેથી કાયમી ઉકેલ આવી જશે.

આ ઉપરાંત વાપી ધરમપુર નેશનલ હાઈવે - ૫૬ પર પેચવર્ક કામ વ્યવસ્થિત ન થવા, અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર ધમડાચી ગામ ખાતે નવા બ્રીજ હાલમાં જ બન્યો છે. જયાં રસ્તાની હાલત અંત્યત ખરાબ તેમજ કાઠીયાવાડી હોટલની સામે પાંચ ફૂટ ઉંચી દિવાલના કારણે વરસાદી પાણીનો ભરાવો થતો હોવાની રજૂઆતો કરી હતી.

વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે વલસાડ નગરપાલિકામાં આઝાદ ચોકથી મસ્જીદ થઇ કોંસબા રોડ ધોબીતળાવ, સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુની આગળ અને મહાત્મા ગાંધી રોડ, ધરમપુર રોડ અને અન્ય જાહેર રસ્તા પરના દબાણો દુર કરવા રજુઆતો કરી હતી. નગરપાલિકાના અધિકારીએ દબાણકર્તાઓને નોટીસ ઉપરાંત કેટલાક દબાણો દૂર કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે અગાઉના બાકી પ્રશ્ન ધરમપુરની રાજી રાજબા કન્યાશાળા કે જે રાજાના સમયની ધરોહર છે. તેની યોગ્ય જાળવણી અને હેરીટેજ માટે થયેલી કાર્યવાહી સંદર્ભે રજુઆત કરતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ દરખાસ્ત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર કે.એસ.ડાભીએ કર્યું હતું.

વડાપ્રધાનના જન્મ દિને

## અતુલ રૂરલ ડેવલમેન્ટ ફંડ દ્વારા ૧૮૧ બહેનોએ રક્તદાન કર્યુ



**વલસાડ, તા.૨૧ :** વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા અને અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ દ્વારા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના શુભ અવસરે પરમ ફાર્મ, રોલા ખાતે મહિલા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં માત્ર મહિલાઓનું જ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. કુલ ૧૮૧ બહેનોએ આ વિશેષ કેમ્પમાં રક્તદાન કરી મોદીજીને જન્મદિવસની શુભકામના પાઠવી હતી. કાર્યક્રમને બ્રહ્માકુમારી રીટાદીદીએ દિપ પ્રાગટ્ય કરીને શુભારંભ કરાવ્યો હતો. દરેક રક્તદાતા બહેનોને ટ્રોલી બેગ અથવા બ્લેન્કેટ ભેટ આપવામાં આવી હતી.

આજના આ કાર્યક્રમમાં રક્તદાતા બહેનોને પ્રોત્સાહિત કરવા માટે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધરમપુરના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકી, સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી નીખીલભાઈ ચોક્સી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તન્વીબેન પટેલ, કેયુરભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચા મહામંત્રી કેવિનભાઈ પટેલ, જિલ્લા ઓબીસી મોરચા મહામંત્રી આનંદભાઈ પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, શાસક પક્ષના નેતા અલ્કાબેન દેસાઈ, વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તેજસભાઈ પટેલ, ઉપપ્રમુખ કિન્નરીબેન શ્રોફ, તાલુકા પંચાયત સભ્ય ચિંતનભાઈ પટેલ, રશ્મિકાંત પટેલ, શહેર ભાજપના જીગ્નેશભાઈ નંદા ઉપસ્થિત રહ્યા હતાં. આજના આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રવિણાબેન પટેલ તથા એમની ટીમે ખુબ જ મહેનત કરી હતી.

## સરોધીમાં રક્તદાન કેમ્પમાં ૧૦૨ યુનિટ એકત્ર કરાયું

**વાપી, તા.૨૧ :** સરોધી ખાતે યુનિક ઈન્ફ્રા પરિસરમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. ઉદવાડા-પારડી રોડ પર યુનિક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને ન્યુકેમ બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે રક્તદાન એ જ મહાદાનના ઉદ્દેશ સાથે આ કેમ્પ યોજાયો હતો.

આ શિબિરમાં સ્થાનિક યુવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૧૦૨ યુનિટ રક્ત એકત્ર કરાવ્યું હતું. તમામ રક્તદાતાઓને આયોજકો દ્વારા ગિફ્ટ આપી સન્માનિત કરાયા હતાં. યુનિક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ વર્ષ ૨૦૦૩-૦૪ થી શિક્ષણ, વિદ્યાર્થી સહાય અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે કાર્યરત છે. તાજેતરના પૂરમાં ટ્રસ્ટે ૩૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ અને વિના મૂલ્યે પેસ્ટ કંટ્રોલની કામગીરી પણ કરી હતી. કેમ્પના અંતે ભોજનની વ્યવસ્થા કરાઈ હતી.



આપનું અખબાર : આપનો અવાજ
DGT

# વલસાડ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Tuesday 22, September 2026

● વલસાડ
● અતુલ
● ગુંદલાવ
● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com


શ્રી શિવશકિત મિત્ર મંડળ, શાકભાજી માર્કેટ, વલસાડ


મણીબાગ યુવક મંડળ, અબ્રામા


શ્રી ગણેશ યુવા શકિત મિત્ર મંડળ, વલસાડ


મિલર ગ્રૃપ, હાલર વશી ફળિયા, વલસાડ

## તિથલ બીચ પર 'સુરક્ષિત સાગર' અંતર્ગત સફાઈ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ભારતના દરિયા કિનારાની સફાઈ અને દરિયાઈ પર્યાવરણની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ સપ્તાહ - ૨૦૨૬ નિમિત્તે સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર ૫.૦ અભિયાન અંતર્ગત વલસાડના તિથલ દરિયાકાંઠે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. NIOT, NEED MISSION, વિજ્ઞાન ભારતી, વિજ્ઞાન ગુર્જરી, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા સહિતની સંસ્થાઓના સહયોગથી વલસાડ જિલ્લાના તિથલ બીચ પર સફાઈ અભિયાન યોજાયું હતું.

આ કાર્યક્રમનું સફળ સંચાલન વલસાડ જિલ્લાના કો-ઓર્ડીનેટર ભાવનાબેન મિસ્ત્રીએ કર્યું હતું. આ સફાઈ અભિયાનમાં વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજના N.C.C.ના વિદ્યાર્થીઓ અને હરિનંદન સ્મૃતિ પ્રાથમિક શાળાના સ્ટાફમિત્રો મળી કુલ ૫૮ લોકો જોડાયા હતાં.

અભય ફાઉન્ડેશન ટ્રસ્ટના ઉપપ્રમુખ અનિલભાઈ મિસ્ત્રી, સેક્રેટરી યજુર્વી મિસ્ત્રીના સહકારથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો. દરિયા કિનારાની કુલ ૬૫૮ મી. લંબાઈ અને ૬૬ મી પહોળાઈ ધરાવતો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો.

તિથલ ગામ પંચાયતના સરપંચ રાકેશ ભાઈ પટેલ હાજર રહ્યા હતા અને કચરાના નિકાલ માટે ગાડીની સેવા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે રેલીનું આયોજન કરાયું હતું જેમા સ્વચ્છતા અભિયાન માટે પ્રતિજ્ઞા લીધી હતી. અંતે તમામે અલ્પાહાર ની માણી હતી.




## હાલરમાં બાળક દ્વારા શ્રીજીની સ્થાપના અને પૂજા સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** સમગ્ર રાજ્ય સાથે પંથકમાં પણ ગણેશોત્સવનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘરો અને પંડાલોમાં વિઘ્નહર્તા દેવનું ભક્તિભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું છે.

આવા જ એક પ્રેરણાદાયી માહોલમાં વલસાડ ના હાલર ગામના નક્ષ કદમે પોતાના ઘરે પધારેલા ગણેશજીની સ્થાપના બાદ સંપૂર્ણ ભાવ અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે બાપ્પાની પ્રથમ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. નવી પેઢીમાં ધાર્મિક સંસ્કારો અને સંસ્કૃતિનું સિંચન થતું જોઈ સમગ્ર પરિવારજનોમાં અનેરો આનંદ છવાયો હતો. બાપ્પાના સ્વાગત સાથે સમગ્ર ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરવામાં આવી હતી.

## વલસાડની સરકારી ઇજનેરી કોલેજનાં બે પ્રાધ્યાપકોએ લદ્દાખ મેરેથોન પૂર્ણ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડની સરકારી ઈજનેરી કોલેજના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના બે પ્રાધ્યાપકો પ્રો. વિમલ એસ. પટેલ અને ડૉ.શિરીષ કે.પટેલે વિશ્વની પડકારજનક હાઈ-એલ્ટિટ્યુડ મેરેથોનમાંની એક એવી લદ્દાખ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. લગભગ ૧૧,૫૦૦ ફૂટની ઊંચાઈ પર યોજાતી આ મેરેથોનમાં ઓછા ઓક્સિજનનું પ્રમાણ, ઊંચાઈવાળું કઠિન ભૂપ્રદેશ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે દોડવીરોની શારીરિક ક્ષમતા સાથે માનસિક મજબૂતી, ધૈર્ય અને સતત પ્રયત્નોની પણ કસોટી થાય છે.

પ્રો. વિમલ એસ. પટેલે ૪ કલાક ૧૧ મિનિટ ૦૪ સેકન્ડમાં, જ્યારે ડૉ. શિરીષ કે. પટેલે ૫ કલાક ૩૭ મિનિટ ૩૬ સેકન્ડમાં મેરેથોન પૂર્ણ કરી હતી. નિયમિત તાલીમ, શિસ્ત, સખત મહેનત, દૃઢ નિશ્ચય અને સતત પ્રયત્નોના પરિણામે બંને પ્રાધ્યાપકોએ આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સિદ્ધિથી મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ તેમજ સમગ્ર કોલેજ પરિવારમાં ગૌરવની લાગણી પ્રસરી છે. બંને પ્રાધ્યાપકોએ આ સફળતા માટે સરકારી ઈજનેરી કોલેજ, વલસાડના આચાર્ય ડૉ. વિજય ડી. ધીમાન તથા સમગ્ર કોલેજ પરિવારનો સતત પ્રોત્સાહન, સહયોગ અને પ્રેરણા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ પ્રાધ્યાપકોને વ્યાવસાયિક તેમજ વ્યક્તિગત ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરતું વાતાવરણ પૂરું પાડવા બદલ આચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. બંને પ્રાધ્યાપકોની આ સિદ્ધિ વિદ્યાર્થીઓ અને સહકર્મચારીઓ માટે પ્રેરણારૂપ બની છે. તેમણે સાબિત કર્યું છે કે દૃઢ નિશ્ચય, ધૈર્ય, શિસ્ત અને સતત પ્રયત્નો દ્વારા કોઈપણ મુશ્કેલ પડકારને સફળતાપૂર્વક પાર કરી શકાય છે.

## વલસાડમાં થાંગ-તા માર્શલ આર્ટના એડવાન્સ ટ્રેનિંગ કેમ્પ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ખથાંગ-તા એસોસિએશન ગુજરાત દ્વારા થાંગ-તા માર્શલ આર્ટના વધુ પ્રચાર-પ્રસાર તેમજ ખેલાડીઓને ઉચ્ચ સ્તરની તાલીમ મળી રહે તે હેતુથી વાપી ના વિશ્વકર્મા હોલ માં એડવાન્સ ટ્રેનિંગ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.એડવાન્સ ટ્રેનિંગ કેમ્પમાં વલસાડ જિલ્લાના ૩૦થી વધુ ખેલાડીઓએ થાંગતા માર્શલ આર્ટ ની તાલીમ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે.

આ કેમ્પનું આયોજન થાંગ-તા એસોસિએશન ગુજરાતના જનરલ સેક્રેટરી તરૂણ કુમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લાના બાહોશ કરાટે કોચ નિલેશ કોસિયા તથા સિનિયર ઈન્સ્ટ્રક્ટર જીતેન્દ્ર રાઠોડ દ્વારા કેમ્પનું આયોજિત કેમ્પમાં થાંગ-તા એસોસિએશન ગુજરાતના યુવા કોચ પ્રીતિ કંવર દ્વારા ખેલાડીઓને ટેકનિક, ફિટનેસ, ફાઈટિંગ સ્કિલ્સ તથા એડવાન્સ લેવલની વિવિધ તાલીમ આપવામાં આવી હતી. આ એડવાન્સ ટ્રેનિંગ કેમ્પમાં વલસાડ જિલ્લાના ૩૦થી વધુ ખેલાડીઓએ ભારતની પારંપરિક થાંગતા માર્શલ આર્ટની તાલીમ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે કેમ્પ દરમિયાન ખેલાડીઓને થાંગ-તા માર્શલ આર્ટ ના સેક્રેટરી તરૂણ કુમારે વધુ સારી ટેકનિક અને રમતગમતની સમજ વિકસાવવા માટે ટ્રેનર,કોચને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. થાંગ-તા એસોસિએશન ગુજરાત દ્વારા આગામી સમયમાં પણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આવા તાલીમ કેમ્પોનું આયોજન કરી ખેલાડીઓને રાજ્ય, રાષ્ટ્રીય અને ઉચ્ચ સ્તરની સ્પર્ધાઓ માટે તૈયાર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

## વલસાડની રક્તદાન શિબિરમાં ૮૩ યુનિટ રકત એકત્ર કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ગણેશ ઉત્સવની ઉજવણી સાથે માનવસેવાનો ઉમદા સંદેશ આપવાના હેતુથી વલસાડમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અનાવિલ પરિવાર વલસાડ, મિલર ગ્રુપ-હાલર તથા લાયન્સ ક્લબ ઓફ વલસાડ તિથલ રોડના સંયુક્ત ઉપક્રમે અંકુર એપાર્ટમેન્ટ, વશી ફળિયા, હાલર, વલસાડ ખાતે આ સેવાયજ્ઞ યોજાયો હતો. રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન વલસાડ સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. એચ. વાળાના હસ્તે કરવામાં આવ્યું હતું, જ્યારે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અનાવિલ પરિવાર વલસાડના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં અનાવિલ પરિવાર,મિલર ગ્રુપ અને લાયન્સ ક્લબ ના સભ્યો તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાન કરી સેવાયજ્ઞમાં સહભાગી બન્યા હતા. શિબિર દરમિયાન કુલ ૮૩ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે આયોજકો દ્વારા દરેક રક્તદાતાને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્વ અંગે જણાવ્યું હતું કે, એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ રક્તદાન કોઈ જરૂરિયાતમંદ દર્દીના જીવનને બચાવવામાં મહત્વપૂર્ણ બની શકે છે. ગણેશ ઉત્સવની ઉજવણી સાથે માનવસેવાને જોડતી આ પહેલને સમાજમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આયોજક સંસ્થાઓ દ્વારા શિબિરને સફળ બનાવવા બદલ તમામ રક્તદાતાઓ, મહાનુભાવો, અનાવિલ પરિવારના સભ્યો, યુવાનો, સહયોગીઓ અને સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## બલસાર BDCA દ્વારા વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** બલસાર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (BDCA), વલસાડ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે એસ. આર. દેસાઈ કપ (U-16), શ્રી ફિરોઝ શ્રોફ કપ (U-19) આંતરશાળા ક્રિકેટ સ્પર્ધાતથા ભુરાભાઈ દેસાઈ સિનિયર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. U-16 અને U-19 સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓ તેમજ સિનિયર ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છુક ક્લબોએ BDCA દ્વારા નિયત કરેલ એન્ટ્રી ફોર્મમાં ટીમ તથા ખેલાડીઓની વિગતો ભરી, શાળાના આચાર્ય/ક્લબના સેક્રેટરી અથવા કેપ્ટનની સહી તથા સિક્કા સાથે BDCA કચેરીમાં રજૂ કરવાની રહેશે. એન્ટ્રી ફોર્મ BDCA કચેરી પરથી મેળવી શકાય છે.તમામ શાળાઓ અને ક્લબોને નિયત સમયમર્યાદામાં પોતાની ટીમની એન્ટ્રી નોંધાવવા વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત સ્પર્ધાના એન્ટ્રી ફોર્મ બીડીસીએની ઓફીસ ઉપરથી તારીખ ૦૫ઓક્ટોબર-૨૦૨૬પહેલા ભરીને BDCA કચેરી, સરદાર પટેલ સ્ટેડિયમ, કે. આર. દેસાઈ રોડ, વલસાડને મોકલવા વિનંતી છે.

## પારડીસાંઢપોર શાળાને રોટરી ક્લબ દ્વારા કમ્પ્યુટર અર્પણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી 'રોટરી ક્લબ ઓફ વલસાડ' દ્વારા પારડી સ્થિત કૈલાશ ઓવારા માધ્યમિક શાળા, સાણપોર ખાતે વિદ્યાર્થીઓના હિતાર્થે કમ્પ્યુટર દાન પ્રોજેક્ટ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો છે.

ગતાં જુલાઈ મહિનામાં આવેલા વિનાશક પૂર દરમિયાન આ શાળાને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પડી હતી. આ કપરી પરિસ્થિતિ અને શાળાની વાસ્તવિક જરૂરિયાતને પારખીને સેવાભાવી અગ્રણી નિમેશભાઈએ સમગ્ર બાબત રોટરી ક્લબ ઓફ વલસાડના ધ્યાન પર મૂકી હતી. તેમના સતત પ્રયાસો અને સંકલનના પરિણામે ક્લબ દ્વારા શાળાને નવું કમ્પ્યુટર સહાય રૂપે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

આ પહેલ અંગે જણાવતા રોટરી ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, આ માત્ર એક સાધનનું દાન નથી, પરંતુ ગ્રામીણ ક્ષેત્રના વિદ્યાર્થીઓને આધુનિક ડિજિટલ જ્ઞાન, નવી તકો અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધારવા માટેનો એક સેતુ છે. કોઈ વાસ્તવિક જરૂરિયાતને ઓળખીને તેના નિરાકરણ માટે પહેલ કરવી એ જ સાચી સેવાનો ઉદ્દેશ છે.

કમ્પ્યુટર ઉપલબ્ધ થતાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળા પરિવારે રોટરી ક્લબ ઓફ વલસાડ તેમજ આ ભગીરથ કાર્યમાં નિમિત્ત બનેલા નિમેશભાઈ પ્રત્યે અંતઃપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## અતુલના અતુલેશ્વર મહાદેવ મંદિરમાં મહા આરતી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** અતુલ ગામનાં અતુલેશ્વર મહાદેવ મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસ નિમિત્તે મહાઆરતી કરવામાં આવી હતી. પાર નદીનાં કિનારે આવેલ અતુલેશ્વર મહાદેવનાં મંદિરમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં દીવડાઓ પ્રગટાવી મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી તેમજ વડાપ્રધાનનાં દીર્ઘાયુષ્ય અને ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રાર્થનાં કરવામાં આવી હતી. સમગ્ર મંદિર પરિસર દીવડાઓથી ઝગમગી ઉઠ્યું હતું. આ અવસરે અતુલ કંપનીનાં વાઈસ પ્રેસિડન્ટ હૃદયભાઈ દેસાઈ, જનરલ મેનેજર અંકિતભાઈ મંકોડી, કલ્પનાબેન પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને અતુલ કંપનીનાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સેવા અને સમર્પણના ૨૫ વર્ષ નિમિત્તે

## વલસાડની કોમર્સ કોલેજમાં દીવડા પ્રગટાવી ઉજવણી કરાઈ



**વલસાડ, તા. ૨૧ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તથા તેમના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સેવા અને સમર્પણના ૨૫ વર્ષની ભાવના સાથે શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ માં એન.એસ.એસ. અને એન.સી.સી.ના સંયુક્ત ઉપક્રમે આશીર્વાદના દીવડા પ્રગટાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફૂલો અને દીવાઓથી સુંદર રંગોળી તૈયાર કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં પ્રગટાવવામાં આવેલા દીવાઓથી સમગ્ર કોલેજ કેમ્પસ ઝગમગી ઊઠ્યું હતું અને ભક્તિમય તથા રાષ્ટ્રભાવનાથી ભરપૂર વાતાવરણનું નિર્માણ થયું હતું. આ પ્રસંગે કોલેજના સ્ટાફ સભ્યો સહિત એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને દીવા પ્રગટાવી સેવા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરી હતી.

## ગુંદલાવમાં પટેલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા સમૂહ લગ્ન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** શ્રી વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ તથા શ્રી ચંદ્રમૌલિશ્વર મહાદેવજી સંસ્થાપન દ્વારા આયોજિત ૧૧ મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન વલસાડ ના ગુંદલાવ માં આગામી ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૭ એ યોજાનાર છે. સમુહ લગ્નમાં જોડાઓનાર યુવક યુવતીઓએ ૧૫ નવેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે.

આ સમૂહ લગ્નમાં ૨૫,૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહે તેવી ધારણા છે. આ મહોત્સવમાં રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ સાંસદો સહિતના વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓને પણ વિશેષ આમંત્રણ પાઠવવામાં આવશે. આ ઉપરાંત કોળી પટેલ સમાજ વલસાડ દ્વારા નવરાત્રી મહોત્સવ આગામી તારીખ ૨૧/ ૧૦ /૨૦૨૬ અને ૨૨ /૧૦/ ૨૦૨૬ ના રોજ વલસાડ સીબી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

## કલવાડા નવ પ્રગતિ સાર્વ. હાઈ.માં ચિત્ર સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ તાલુકાના કલવાડા ગામે આવેલી વ પ્રગતિ સાર્વજનિક હાઈસ્કૂલ કલવાડામાં નરેન્દ્રભાઈ મોદીનું ૨૦૪૭ નું વિકસીત ભારત અંતર્ગત શાળા માં ચિત્ર સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં નોડલ અધિકારી તરીકે તાલુકા પંચાયતના સભ્ય સંજયસિંહ ઠાકોર ઉપસ્થિત રહ્યા ચિત્ર સ્પર્ધામાં ૭૦ વિધાર્થીઓએ ભાગ લીધો હતો અને વકૃત્વ સ્પર્ધા ૧૩ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય અનિલકુમારે સ્વાગત પ્રવચન કર્યું નોડલ અધિકારી તરીકે ઉપસ્થિત સંજયસિહ ઠાકોરે વિકસીત ભારતમા વિધાર્થીઓની ભૂમિકા શું હોવી જોઈએ તેની જાણકારી આપી અને શિક્ષક અજીતસિંહ દેસાઈએ પ્રસંગ ને અનુરૂપ વિકસીત ભારત પરિકલ્પના સમજાવી અંતે અજીતસિંહ દેસાઈએ કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ આચાર્ય, તાલુકા પંચાયતના સભ્ય, શિક્ષકગણ અને વિધાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વલસાડમાં સંજય શાહ પરિવાર દ્વારા અલ્પાહાર સેવા કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ શહેરમાં ગણેશ વિસર્જન પર્વ નિમિત્તે ભક્તિમય માહોલ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શહેરમાં આવેલા જાણીતા ઓમકારેશ્વર મહાદેવ મંદિર તેમજ નિઃશુલ્ક એમ્બ્યુલન્સ સેવાનું સંચાલન કરતા સંજય સ્ટીલવાળા સંજયભાઈ શાહ, આયુષ સંજય શાહ તેમજ તેમના પરિવાર દ્વારા દર વર્ષની પરંપરા જાળવી રાખી આ વર્ષે પણ ગણેશ ભક્તો માટે વિશાળ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન બાપ્પાની પ્રતિમાઓ સાથે નીકળેલા શ્રદ્ધાળુઓ માટે આ કેમ્પમાં ગરમાગરમ વડાપાઉં, સ્વાદિષ્ટ ફરસાણ, ચા તેમજ ઠંડા પીવાના પાણીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. વિસર્જન યાત્રામાં જોડાયેલા મોટી સંખ્યામાં ભક્તોએ આ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો અને રાહત અનુભવી હતી.

ઓમકારેશ્વર મહાદેવ મંદિર પરિસર અને નિઃશુલ્ક એમ્બ્યુલન્સ સેવા થકી વર્ષોથી લોકસેવામાં કાર્યરત સંજય સ્ટીલ પરિવારની આ પહેલને નગરજનો અને ભકતોએ બિરદાવી હતી. ઉપસ્થિત લોકોએ શાહ પરિવાર દ્વારા સમાજહિત અને ભક્તિભાવથી ભરેલા આવા સેવાકીય કાર્યો ભવિષ્યમાં પણ અવિરત ચાલતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 22, September 2026


## ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર !

ઘટના ભલે ઉત્તરપ્રદેશની છે, પરંતુ આપણા સમાજમાં, સિસ્ટમમાં અનીતિથી કમાણી કરવાની લાલચ કેટલી ઘર કરી ગઇ છે એનું પ્રમાણ તેની ઉપરથી મળે છે. વળી, સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ... જ્યાં પણ લોકોને પોતાના કામકાજનો સીધો પનારો હોય ત્યાં તો ભ્રષ્ટાચાર જાણે ડિજિટલ સિસ્ટમમાં ઓટીપી હોય એવો અનિવાર્ય થઇ ગયો છે. ઉત્તરપ્રદેશના શાહજહાંપુરની નગરપરિષદમાં ચૂંટાયેલા સભ્યોનો એક વીડિયો થોડા દિવસ પહેલાં વાયરલ થયો હતો, જેમાં નવા પાર્ષદો હાથમાં પાણી લઇને એવા શપથ લે છે કે, ઉપરની જે કંઇ કમાણી થશે એ એકલપેટા થઇને પોતે જમી જવાને બદલે ઇરાદાપૂર્વક તેની ભાગબટાઇ કરશે. એક રાઉન્ડ ટેબલ ફરતે નવા ચૂંટાયેલા સભ્યો ઊભીને આ પવિત્ર શપથ લે છે. આ ઘટના હસવામાં કાઢી નાખવા જેવી નથી કે નથી એ જનપ્રતિનિધિઓની ઇમાનદારીને બિરદાવવા જેવી. આપણી વ્યવસ્થાનો સડો અને લોકોની સ્થિતિ તેમાં પ્રતિબિંબિત થાય છે. સરકાર ચાહે રાજ્યોની હોય કે કેન્દ્રની ભ્રષ્ટાચાર નાબૂદી માટે ઝુંબેશ થાય, મોટી વાતો થાય, પરંતુ એવું કરનારાં પરિબળોના અભિગમમાં જ્યાં સુધી ફેર નહીં પડે ત્યાં સુધી ખોટી-અનૈતિક રસમો નાબૂદ નથી થવાની. એકતરફ સરકાર ડિજિટલાઇઝેશન પર ભાર મૂકી રહી છે, કાગળ-લાંબાં ફોર્મ, અટપટી વિગતોની ઝંઝટ ઓછી થાય અને દરેક ટેબલે, દરેક પગથિયે પ્રસાદી ધરાવવાની પદ્ધતિ બંધ થાય એવો ઉમદા હેતુ છે, પરંતુ પરિસ્થિતિમાં ઝાઝો ફેર નથી પડયો. યેનકેન પ્રકારેણ... લોકોને ખંખેરવાનું ચાલુ જ છે. તંત્રમાં વ્યાપેલો સડો દૂર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓપરેશન ગંગાજળ શરૂ કર્યું છે, તે અંતર્ગત ત્રણેક ઘટનાઓમાં વ્યાપક ગેરરીતિની ફરિયાદ આવે એ કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સરકારનો હેતુ અને કામગીરી સારી છે, પરંતુ આમ આદમીને સતાવતો પ્રશ્ન એ છે કે, ભ્રષ્ટાચાર કરવાની કોઇની હિંમત જ ન થાય એવી સ્થિતિ કેમ ઉત્પન્ન થતી નથી ? આમાં ક્યાંક ને ક્યાંક આપણે સૌ એટલે કે લોકો પણ જવાબદાર છે. ભ્રષ્ટાચારીઓને શરણે થવાને બદલે તેમને ખુલ્લા પાડવાની રસમ વ્યાપક રીતે અપનાવવામાં આવે તો લાંબાગાળે ડર પેસી શકે. આજે સરકારોના કર્તાહર્તાથી માંડીને સૌ કોઇ જાણે છે કે, આપણી વ્યવસ્થામાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર સમાજને ઉધઇની જેમ અંદરખાનેથી ખતમ કરી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણોમાં ભ્રષ્ટાચારની વૈશ્વિક સૂચિમાં ભારતનું સ્થાન શરમજનક સ્તરે જોવા મળે છે. શાહજહાંપુર નગર પરિષદના ચૂંટાયેલા સભ્યોએ ભ્રષ્ટાચારની કમાણી સરખેભાગે વહેંચી ખાવાના શપથ લીધા એ ઘટના વાયરલ થયા પછી રાજકીય પક્ષે કોઇ કાર્યવાહી કરી ? જિલ્લા તંત્રએ પણ કેમ કોઇ પગલાં ન લીધાં ? આવા કિસ્સામાં ફરિયાદ નથી નોંધાઇ એવી દલીલો થાય પણ સમાજ હિતમાં તંત્ર પોતાની રીતે નોંધ લઇને કેમ ફરિયાદી ન બને ? ભ્રષ્ટાચાર સામે અવાજ બુલંદ કરવાની જરૂર છે. આપણું રાષ્ટ્ર પ્રગતિશીલ સાચા અર્થમાં ત્યારે જ બનશે જ્યારે બધી પ્રક્રિયા પારદર્શક-ભ્રષ્ટાચારમુક્ત હશે.

### ૩૫૫ બેઠકો જીતીને વિરોધીઓના સૂપડા કર્યા સાફ

# રશિયા ચૂંટણીઃ પુતિનની પાર્ટીએ રચ્યો ઈતિહાસ



(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૨૨ : રશિયામાં રવિવારે સંપન્ન થયેલી સંસદીય ચૂંટણીઓમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સમર્થિત સત્તાધારી પક્ષ 'યુનાઈટેડ રશિયા'એ અભૂતપૂર્વ અને પ્રચંડ વિજય હાંસલ કર્યો છે. દેશની સંસદના નીચલા ગૃહ 'સ્ટેટ ડુમા'ની કુલ ૪૫૦ બેઠકોમાંથી પાર્ટીએ રેકોર્ડબ્રેક ૩૫૫ બેઠકો પર જીત નોંધાવીને પોતાનો રાજકીય દબદબો ફરી એકવાર સાબિત કર્યો છે. એસોસિએટેડ પ્રેસ (AP)ના અહેવાલ અનુસાર, સેન્ટ્રલ ઈલેક્શન કમિશને જાહેર કર્યું છે કે ૯૫%થી વધુ મતદાન મથકોની મતગણતરી પૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રારંભિક પરિણામો મુજબ, પક્ષો માટે અનામત રખાયેલી ૨૨૫ પ્રમાણસર બેઠકોમાંથી યુનાઈટેડ રશિયાને ૫૮% થી સહેજ ઓછી બેઠકો મળી છે. જ્યારે બાકીની ૨૨૫ સિંગલ-બેલેટ (પ્રત્યક્ષ ઉમેદવારી વાળી) બેઠકોમાં પાર્ટીના ઉમેદવારો ૨૦૮ બેઠકો પર નિર્ણાયક સરસાઈ સાથે વિજયી બન્યા છે. સેન્ટ્રલ ઈલેક્શન કમિશનના વડાં એલા પેમ્ફિલોવાએ સત્તાવાર વિગતો આપતાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ રશિયા પાર્ટી ૪૫૦ માંથી ૩૫૫ બેઠકો જીતી રહી છે, જે પક્ષના સંસદીય ઈતિહાસનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે. અગાઉ ૨૦૨૧ ની સંસદીય ચૂંટણીમાં આ પક્ષે ૩૨૪ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન સાથે સૈન્ય સંઘર્ષ શરૂ થયા પછી રશિયામાં યોજાયેલી આ સૌપ્રથમ સંસદીય ચૂંટણી છે. રાષ્ટ્રપતિ પુતિને સમગ્ર ચૂંટણી પ્રચાર દરમિયાન આ જનાદેશને યુક્રેન મોરચે લડી રહેલા રશિયન સૈનિકોના સમર્થન અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક તરીકે રજૂ કર્યો હતો. સમગ્ર દેશમાં કુલ ૫૬.૬૬% મતદાન નોંધાયું હતું, જેમાં રાજધાની મોસ્કોમાં ઐતિહાસિક મતદાન થયું હતું.

આ ચૂંટણી પ્રક્રિયા વિવાદોથી મુક્ત રહી નહોતી. યુદ્ધ વિરોધી વલણ ધરાવતા મુખ્ય પક્ષ 'યાબ્લોકો'ને સમગ્ર ચૂંટણી લડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જોકે પક્ષના કેટલાક નેતાઓને વ્યક્તિગત ધોરણે અમુક બેઠકો પર લડવાની છૂટ અપાઈ હતી. આ સિવાય સરકાર વિરોધી અનેક અગ્રણી નેતાઓ તથા અપક્ષ ઉમેદવારોની ઉમેદવારી પણ વિવિધ કારણોસર રદ કરવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે. રસપ્રદ બાબત એ છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઔપચારિક રીતે યુનાઈટેડ રશિયા પક્ષના પ્રાથમિક સભ્ય નથી. પક્ષના બંધારણ મુજબ રાષ્ટ્રપતિ બનવા માટે સભ્યપદ હોવું ફરજિયાત નથી. પુતિને ૨૦૦૮ થી ૨૦૧૨ દરમિયાન પાર્ટીના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો, પરંતુ તે સમયે પણ તેઓ સામાન્ય સભ્ય નહોતા. ૨૦૧૨ માં તેમણે આ પદ છોડ્યા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે પાર્ટી અધ્યક્ષાની કમાન સંભાળી હતી. ચૂંટણીનો અંતિમ દિવસ ભારે સુરક્ષા તણાવ વચ્ચે પસાર થયો હતો. રવિવારે રશિયાના સંસદીય મતદાનના આખરી દિવસે યુક્રેન તરફથી મોસ્કો અને તેની આસપાસના વિસ્તારોમાં ૧,૬૦૦ થી વધુ ડ્રોન તૈનાત કરવામાં આવ્યા હોવાના અહેવાલ હતા. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને દાવો કર્યો હતો કે માત્ર રાજધાની મોસ્કોને નિશાન બનાવીને ૪૫૦ જેટલા ડ્રોન છોડવામાં આવ્યા હતા, જેને રશિયન એર ડિફેન્સ સિસ્ટમે નિષ્ફળ બનાવ્યા હતા.

# મોદીના જન્મદિવસ બાદ ૭ ઓક્ટોબરે કાશીમાં મોટો કાર્યક્રમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાશી, તા.૨૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમો વચ્ચે ગૃહમંત્રી અમિત શાહ ૭ ઓક્ટોબરે કાશી પહોંચશે. ગૃહમંત્રી વડનગરથી કાશી આવનારા બાઈક યાત્રીઓનું સ્વાગત કરશે અને બાઈક રેલીના સમાપન કાર્યક્રમમાં સામેલ થશે. બાઈક યાત્રીઓ સાથે કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન-પૂજન કરશે અને બાબાનો મહારુદ્રાભિષેક કરવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે રાજ્ય સરકારના અનેક મંત્રીઓ સામેલ થશે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ, ડેપ્યુટી ઝસ કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક, ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમંગ જોશી અને પ્રદેશ અધ્યક્ષ રોહિત મિશ્રા પણ સેવા યાત્રીઓનું સ્વાગત કરશે. દ્રઢ્ઢછના મોટા નેતાઓને કાર્યક્રમમાં બોલાવવા અંગે વિચારણા ચાલી રહી છે. ત્યારબાદ તેમને નક્કી કરાયેલા સ્થળોએ રોકવામાં આવશે અને સવારે તમામ યાત્રીઓ શ્રી કાશી વિશ્વનાથ મંદિર પહોંચે ત્યાં સુધી સ્વાગત કાર્યક્રમ ચાલુ રહેશે. સ્વાગતના સ્થળો ટૂંકસમયમાં નક્કી કરવામાં આવશે. દરેક સ્વાગત સ્થળે રાજ્યમંત્રી અને ધારાસભ્યોની તહેનાતી રહેશે. સ્વાગતની આગેવાની મંત્રી અને ધારાસભ્યો જ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જાલ્હુપુર સ્થિત રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટીનું ઉદ્ઘાટન પણ કરી શકે છે. તેની તૈયારીઓ પહેલેથી જ ચાલી રહી છે. યુનિવર્સિટી બન્યા બાદ તપાસનું કામ સરળ બની જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ૧૭ સપ્ટેમ્બરે કાશી અને વડનગરથી એકસાથે સેવા સંકલ્પ બાઈક યાત્રાઓ રવાના થઈ હતી. કાશીમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૫૦ બાઈક પર સવાર ૫૦૦ યુવાઓની યાત્રાને લીલી ઝંડી બતાવીને વડનગર માટે રવાના કરી હતી.

# રશિયા દ્વારા કરાયેલા એટેકથી યૂક્રેન ધ્રૂજી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
કીવ, તા.૨૨ : રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધગતિ વિધિ તેજ થઈ ગઈ છે. યુક્રેન તરફથી ૧,૦૦૦ થી વધુ ડ્રોનથી રવિવારે રશિયા પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાર પછી મોસ્કો તરફથી પણ યુક્રેનના હુમલાનો જવાબ આપવામાં આવ્યો છે. આ અંગે મળતી જાણકારી અનુસાર રુસ પર થયેલા હુમલા પછી યુક્રેનની રાજધાની કિવ સહિત અલગ અલગ વિસ્તારોમાં ડ્રોન હુમલા નું એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર કેટલાક વિડિયો પણ વાયરલ થયા હતા જેમાં કીવના વિસ્તારમાં હુમલા પછી લાગેલી આગ અને ધુમાડો દેખાતો હતો. રિપોર્ટ અનુસાર કિવના એક પત્રકારનું કહેવું છે કે સ્થાનિક સમય અનુસાર સાંજે ૭:૦૦ વાગ્યે રાજધાનીમાં ધમાકા થયા હતા. યુક્રેન ની વાયુસેનાએ કિવી તરફ આવી રહેલા રુસી ડ્રોનથી ખતરાની ચેતવણી પણ આપી હતી. જોકે આ હુમલા અંગે રૂસ તરફથી કોઈ જ જાણકારી આપવામાં આવી નથી. માનવામાં આવે છે કે મોસ્કો તરફથી જવાબી કાર્યવાહી તરીકે કિવ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૪ લોકોના મોત થયા હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. કિવના ગવર્નર નું કહેવું છે કે રૂસ તરફથી એકથી વધુ દિવસ માટે હુમલા કરવામાં આવ્યા હતા જેમાં પાંચ જિલ્લાની ૩૧ જગ્યાઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. હુમલાની ખબર વચ્ચે યુક્રેન ના રાષ્ટ્રપતિ વોલોડિમીર જેલેંસ્કીએ એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે તેણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી છે.
સોશિયલ મીડિયા પોસ્ટ પર લખવામાં આવ્યું છે કે તેમણે ટ્રમ્પ સાથે અલગ અલગ મુદ્દે ચર્ચા કરી છે. આવનારા સમયમાં તે ન્યૂયોર્કમાં બેઠક પણ કરી શકે છે.

# અફ્કીસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પર વધતા તણાવ વધ્યો!!

(જી.એન.એસ) તા. ૨૧
કાબુલ, સોમવારે અફઘાનિસ્તાનની અંદર પાકિસ્તાનની સૈન્ય કાર્યવાહી ચાલુ રહી હતી; અહેવાલો અનુસાર, ફાઈટર જેટ્સે કુનાર અને પક્તિકા પ્રાંતના કેટલાક વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. સરહદ પારની ઉગ્રવાદી પ્રવૃત્તિઓના આરોપોને લઈને ઈસ્લામાબાદ અને કાબુલમાં તાલિબાન સત્તાવાળાઓ વચ્ચે વધતા તણાવ વચ્ચે આ તાજેતરના હુમલા થયા છે. સોમવારે વહેલી સવારે પાકિસ્તાની વિમાનોએ અફઘાનિસ્તાનમાં અનેક સ્થળોને નિશાન બનાવ્યા હતા. પક્તિકા પ્રાંતમાં, બારમલ જિલ્લાના રાખા અને તોરકાંદી વિસ્તારોમાં બે અલગ-અલગ હુમલા થયા હોવાના અહેવાલ હતા. એક હુમલો ખાલી પડેલા મકાન પર થયો હતો, જ્યારે બીજા હુમલામાં એક ભૂતપૂર્વ દુકાનને નિશાન બનાવવામાં આવી હતી. બંને ઈમારતોને નુકસાન થયું હતું, પરંતુ અહેવાલો અનુસાર પક્તિકાના હુમલામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

કુનારમાં અલગ હવાઈ હુમલામાં ત્રણના મોત

અહેવાલ મુજબ, કુનાર પ્રાંતમાં થયેલા એક અલગ હવાઈ હુમલામાં નાગરિકોના મોત થયા છે. ટોલો ન્યૂઝ (ૅન્હીુજ) ને ટાંકીને સમાચાર એજન્સી છદ્વૈંએ અહેવાલ આપ્યો છે કે આ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. અહેવાલોમાં મૃતકોની ઓળખ અથવા કુનાર હુમલાના ચોક્કસ સ્થળ વિશે તાત્કાલિક વધુ વિગતો આપવામાં આવી ન હતી. તાજેતરના હુમલાઓ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પારના સૈન્ય સંઘર્ષોની શ્રેણીમાં એક નવો અધ્યાય ઉમેરે છે. વારંવાર થતા હુમલાઓએ નાગરિકોની સુરક્ષા અંગે પણ ચિંતા ઊભી કરી છે, ખાસ કરીને બંને દેશોની સરહદ પર અથવા તેની નજીક આવેલા પ્રાંતોમાં.

સંયુક્ત રાષ્ટ્રએ સેંકડો નાગરિકોની જાનહાનિની નોંધ લીધી છે

# ચીનના શી જિનપિંગ અમેરિકાની મુલાકાત લેશે

(જી.એન.એસ) તા. ૨૧
વોશિંગટન/બીજિંગ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે, જ્યાં તેઓ તેમના અમેરિકન સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વેપાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં), વૈશ્વિક અસ્થિરતા અને મધ્ય પૂર્વની પરિસ્થિતિ જેવા મુદ્દાઓ પર વાતચીત કરશે; ચીને સોમવારે આ વાતની પુષ્ટિ કરી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને એક નિવેદનમાં જણાવ્યું હતું કે શી ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન અમેરિકામાં રહેશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ ટ્રમ્પ સાથે અમેરિકા અને ચીનને લગતા મુખ્ય મુદ્દાઓ તેમજ "વિશ્વ શાંતિ અને વિકાસ" અંગે "વિચારોનું ઊંડાણપૂર્વક આદાન-પ્રદાન" કરશે.

એસોસિએટેડ પ્રેસ (છઁ) દ્વારા ટાંકવામાં આવેલા નિવેદન મુજબ, ગુઓએ કહ્યું, "ચીન અમેરિકા સાથે મળીને વ્યૂહાત્મક સ્થિરતા ધરાવતા રચનાત્મક સંબંધોના પાસાઓને સમૃદ્ધ બનાવવા, સંવાદ અને સહકારને મજબૂત કરવા અને મતભેદોનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે કામ કરશે, જેથી બંને દેશોના લોકોને વધુ લાભ મળી શકે અને વિશ્વ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં વધુ યોગદાન આપી શકાય." વોશિંગ્ટને પુષ્ટિ કરી છે કે શીના અમેરિકા આગમન પર ટ્રમ્પ પોતે તેમનું સ્વાગત કરશે. રવિવારે 'એર ફોર્સ વન'માં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "હું તેમની સાથે લગભગ દરેક બાબત પર ચર્ચા કરીશ."

વાતચીતમાં વેપાર, છૈં અને વૈશ્વિક અસ્થિરતા મુખ્ય રહેશે-બંને પક્ષો વચ્ચે તણાવ યથાવત રહ્યો છે, પરંતુ શીની મુલાકાત તેમને સંબંધોને ફરીથી સુધારવાની તક પૂરી પાડશે. તેઓ વિવિધ મુદ્દાઓ પર વાતચીત કરે તેવી અપેક્ષા છે.

# પાકિસ્તાનમાં ૧૦૦૦ રૂપિયે ૧ લિટર પેટ્રોલ વેચાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૨૨ : પાકિસ્તાનના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે, પાકિસ્તાનમાં સંભવિત ઈંધણની અછત અંગે ચેતવણી ઉચ્ચારી હતી. તેમણે કહ્યું કે જો ઈંધણની અછત સર્જાય, તો પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવ રૂપિયા ૧,૦૦૦ પ્રતિ લિટર સુધી વધી શકે છે. તેમણે વધુમાં ઉમેર્યું, "એવું પણ બની શકે કે કોઈપણ કિંમતે પેટ્રોલ ઉપલબ્ધ ના પણ હોય." પેટ્રોલિયમ મલિકના આ નિવેદનને કારણે પાકિસ્તાનની જનતામાં ચિંતા વધી ગઈ છે. પેટ્રોલિમય પ્રધાના આ વિવાદાસ્પદ નિવેદનના એક દિવસ પહેલા જ, પાકિસ્તાની સરકારે પાત્ર નાગરિકો માટેની ઈંધણ રાહત યોજના હેઠળ પેટ્રોલ પરની 'પ્રતિ ટોકન પાંચ લિટર'ની મર્યાદા હટાવી લીધી હતી. પોતાના સંબોધન દરમિયાન, પેટ્રોલિયમ મંત્રી મલિકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલમાં પાકિસ્તાનમાં ઈંધણની કોઈ અછત નથી, કારણ કે સપ્ટેમ્બર માટેના શિપમેન્ટ અને ઓક્ટોબર માટેનું આયોજન પહેલેથી જ નક્કી કરી લેવામાં આવ્યું છે. જોકે, ઈંધણની ભૌતિક ઉપલબ્ધતા જાળવી રાખવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે નોંધ્યું હતું કે, પ્રાદેશિક સંઘર્ષોને કારણે આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ ૮૦%નો વધારો થયો હોવા છતાં,

# એશિયન ગેમ્સ ૨૦૨૬ : ભારતે કુલ ૬ મેડલ જીત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૨ : એશિયન ગેમ્સ ૨૦૨૬ના બીજા દિવસે ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અજેય અભિયાન જારી રાખતાં ધમાકેદાર વિજય મેળવ્યો છે. પ્રથમ મુકાબલામાં ઉઝબેકિસ્તાનને ૧૯-૦ના વિશાળ અંતરથી કચડી નાખ્યા બાદ બીજા મેચમાં ભારતીય ટીમે ઈન્ડોનેશિયા સામે આક્રમક પ્રદર્શન કરતાં ૧૭-૧થી એકતરફી જીત હાંસલ કરી હતી. શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ મેદાન પર પક્કડ જમાવી રાખી હરીફ ટીમને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલી દીધી હતી. ભારતે મેડલ ટેલીમાં કુલ ૬ મેડલ પોતાના નામે કર્યા છે જેમાં ૫ મેડલ શૂટિંગમાં અને ૧ બ્રોન્ઝ મેડલ એમએમએમાં આવ્યો છે. નિશાનેબાજીમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતાં ચાર સિલ્વર અને એક બ્રોન્ઝ જીત્યો છે. પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં હિમાંશુ ઢિલ્લોન, પાર્થ માને અને રુદ્રાંક્ષ પાટિલની ત્રિપુટીએ દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો. આ જ સ્પર્ધાની વ્યક્તિગત શ્રેણીમાં પણ હિમાંશુ ઢિલ્લોને સિલ્વર અને રુદ્રાંક્ષ પાટિલે બ્રોન્ઝ મેડલ મેળવી દેશનું નામ રોશન કર્યું છે. પુરુષ કબડ્ડી સ્પર્ધામાં ભારતીય ટીમે યજમાન જાપાનને કોઈ મોકો આપ્યા વિના ૪૯-૨૪ના મોટા સ્કોરથી કચડી નાખ્યું હતું. એશિયન ગેમ્સના ઈતિહાસમાં જાપાન સામે અજેય રહેવાનો ભારતીય ટીમનો સિલસિલો આ વખતે પણ જળવાઈ રહ્યો છે.

### મધ્ય પ્રદેશમાં વિરોધ શરૂ

# રૂ. ૨૦૦૦ થી વધુના પેટ્રોલ પર UPI થી પેમેન્ટ નહીં સ્વીકારીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૨ : દેશના વિવિધ ભાગોમાં UPI પેમેન્ટ પર MDR ચાર્જને લઈને વિરોધ જોવા મળી રહ્યો છે. જ્યારે સરકારનું કહેવું છે કે સામાન્ય માણસ પર એક પણ રૂપિયાનો બોજ નાખવામાં આવશે નહીં. માત્ર મોટા ટ્રાન્ઝેક્શન રૂપિયા ૨૦૦૦થી વધુ પર મોટા મર્ચન્ટને ૦.૪૦ ટકા MDR લાગશે. એટલે કે રૂપિયા ૩૦૦૦ના UPI પર મર્ચન્ટને રૂપિયા ૧૨નો સ્ઢઇ લાગશે.

દેશના ઘણા ભાગોમાં સરકારના આ નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે, કેટલાક લોકોમાં સ્ઢઇના નિયમને લઈને કન્ફ્યુઝન પણ છે. આ દરમિયાન મધ્ય પ્રદેશના પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશને જાહેરાત કરી છે કે તેઓ ૧૬ ઓક્ટોબરથી રૂપિયા ૨૦૦૦થી વધુની પેટ્રોલ-ડીઝલની ખરીદી પર UPI ચૂકવણી સ્વીકારશે નહીં. મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખે નિવેદન બહાર પાડીને કહ્યું કે- જો સરકાર MDR પાછો નહીં ખેંચે, તો સંગઠનના સભ્યોએ ૧૬ ઓક્ટોબરથી પોતાના પેટ્રોલ પંપો પર રૂપિયા ૨૦૦૦થી વધુનું UPI ચૂકવણું સ્વીકાર ન કરવાનો નિર્ણય લીધો છે. ફક્ત રોકડું પેમેન્ટ જ થશે. મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખનું માનીએ તો નવી વ્યવસ્થા હેઠળ એક પેટ્રોલ પંપને દર મહિને આશરે રૂપિયા ૧૭,૭૦૦નું નુકસાન સહન કરવું પડશે. કારણ કે પહેલેથી જ અમારું માર્જિન ઓછું છે, તેથી અમે આ વધારાનો ખર્ચ ઉઠાવી શકીએ તેમ નથી.

# આજે એકતાનગરમાં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહ :રાષ્ટ્રપતિ વિજેતાઓને પુરસ્કાર અર્પણ કરશે

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૨૧ :** દેશના પ્રતિષ્ઠિત ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહનું આયોજન પ્રથમ વખત ગુજરાતના એકતાનગરમાં, સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં કરવામાં આવ્યું છે. ૨૨મી, સપ્ટેમ્બરે યોજાનારા આ રાષ્ટ્રીય સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૦૨૪ના વર્ષ માટે પસંદ થયેલા ૯૨ વિજેતાઓને વિવિધ ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે. ૧૯૫૪માં સ્થાપના બાદ સાત દાયકાથી વધુ સમયથી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ભારતીય સિનેમામાં સર્જનાત્મક અને ટેકનિકલ શ્રેષ્ઠતાનું રાષ્ટ્રીય સ્તરે સન્માન કરતા આવ્યા છે. અત્યાર સુધી આ સમારોહ મોટાભાગે દિલ્હીમાં યોજાતો આવ્યો હતો. હવે કેન્દ્રના માહિતી અને -સારણ મંત્રાલયે આ પરંપરાને વિસ્તારીને ભવિષ્યમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દેશના વિવિધ શહેરો અને રાજ્યોમાં યોજવાનો નિર્ણય કર્યો છે. આ નવી પરંપરાની શરૂઆત માટે એકતાનગરની પસંદગી કરવામાં આવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય સમારોહ માટે વિશાળ વાતાનુકૂલિત ડોમ અને અન્ય માળખાકીય તૈયારીઓ કરવામાં આવી રહી છે. દેશભરમાંથી ફિલ્મ કલાકારો, દિગ્દર્શકો, નિર્માતાઓ, ટેકનિશિયન અને ફિલ્મ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત મહાનુભાવો એકતાનગરમાં ઉપસ્થિત રહેશે. ૨૨મીએ, રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર વિતરણ સાથે ભારતીય સિનેમાની વિવિધ ભાષાઓ અને વિવિધ પ્રકારની ફિલ્મ સર્જનાત્મકતાને રાષ્ટ્રીય મંચ મળશે. ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં ૨૦૨૪ દરમિયાન ભારતીય સિનેમામાં થયેલી ઉત્કૃષ્ટ કામગીરીને સન્માનિત કરવામાં આવી રહી છે. 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ, જ્યારે મમ્મૂટી અને કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનેતા તરીકે સન્માનિત કરવામાં આવશે. યામી ગૌતમને 'આર્ટિકલ ૩૭૦' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળશે. 'અમરન' માટે રાજકુમાર પેરિયાસામીને શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ જાહેર થયો છે.

આ આવૃત્તિમાં અનંત નાગને ૨૦૨૪નો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. ભારતીય સિનેમામાં જીવનભરના યોગદાન માટે આપવામાં આવતો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં સર્વોચ્ચ સન્માનોમાંનો એક છે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની વિશેષતા એ પણ છે કે તેમાં માત્ર હિન્દી ફિલ્મો નહીં, પરંતુ દેશની વિવિધ ભાષાઓ અને પ્રદેશોની ફિલ્મ સર્જનાત્મકતાને સ્થાન મળે છે. ૭૨મા પુરસ્કારોમાં મરાઠી, સંતાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગરવાળી સહિત વિવિધ ભાષાઓની ફિલ્મોને માન્યતા મળી છે. આ રીતે એકતાનગરનો સમારોહ ભારતીય સિનેમાની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાનું પણ પ્રતિબિંબ બનશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ છેલ્લા કેટલાક દિવસોથી સમારોહની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. વિશાળ ડોમ, મંચ, બેઠક વ્યવસ્થા, સુરક્ષા અને અન્ય તકનિકી વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી રહી છે. ૨૨મીએ, મુખ્ય સમારોહ યોજાશે. વિવિધ અહેવાલો મુજબ કાર્યક્રમ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે અને દેશભરના મહાનુભાવો એકતાનગર પહોંચશે. દિલ્હીની બહાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ યોજવાનો નિર્ણય દેશના વિવિધ પ્રદેશોને રાષ્ટ્રીય સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે જોડવાની નવી દિશા તરીકે પણ જોવામાં આવી રહ્યો છે. કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, ભવિષ્યમાં પણ આ સમારોહ દેશના વિવિધ ભાગોમાં યોજાશે.

# ઈટાલીની તમામ સ્કૂલોમાં બુરખા હિજાબ પર પ્રતિબંધ મુકાશે : મેલોની

(સંપૂર્ણ સમાચાર સેવા)
રોમ, તા.૨૧

ઈટાલીની તમામ સ્કૂલોમાં બુરખા, હિજાબ પર પ્રતિબંધ મુકવામાં આવશે તેવી જાહેરાત ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ કરી હતી. મેલોનીએ વધુમાં કહ્યું હતું કે ટૂંક સમયમાં આ માટે કેબિનેટની બેઠકમાં ચર્ચા થશે, સાથે જ સ્કૂલના વર્ગખંડોમાં કેટલા વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તેને લઈને પણ નિયમો ઘડવામાં આવશે. ઈટાલીના વિદ્યાર્થીઓને પોતાના જ દેશની શાળાઓમાં પોતે લઘુમતીમાં છે તેવો અહેસાસ ના થવો જોઈએ. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ઈટાલીની તમામ શાળાઓમાં ચહેરો ઢાંકીને આવવા પર પ્રતિબંધ મુકવાની રવિવારે જાહેર કરી હતી. તેમણે કહ્યું હતું કે સ્કૂલ આવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનો ચહેરો પુરી રીતે ખુલ્લો હોવો જોઈએ, પરંપરાઓના નામે ચહેરો છૂપાવાની છૂટ ના આપી શકાય. એટલુ જ નહીં મેલોનીએ ઈટાલીની સ્કૂલોમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પર એક લિમિટ મુકવાની પણ જાહેરાત કરી હતી. મેલોનીએ કહ્યું હતું કે વર્ગખંડોમાં ઈટાલીના બાળકોને પોતે લઘુમતિમાં છે તેવો અહેસાસ ના થવો જોઈએ, વર્ગખંડમાં એક વિદ્યાર્થી ઈટાલીની ભાષા ના જાણતો હોય તો તે આગળ જઈને શીખી શકશે પરંતુ આવા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય તો મુશ્કેલી થઇ શકે. વર્ગખંડમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા બહુમતમાં ના હોવી જોઈએ. કેબિનેટની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. એક રિપોર્ટ મુજબ ઈટાલીની શાળાઓમાં દર ૧૦૦માંથી ૧૨ વિદ્યાર્થી વિદેશી છે, ટોટલ નોંધાયેલા વિદ્યાર્થીઓના ૧૧.૬ ટકા વિદેશી છે.

# અન્ય સમાચારો

### ઓલ ઈન્ડિયા ઈન્ટર-યુનિવર્સિટી ચેસ (મહિલા) ચેમ્પિયનશિપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની

## વાપીની કેબીએસ કોલેજની બે વિદ્યાર્થીનીઓની ઓલ ઈન્ડિયા ચેસ ચેમ્પિયનશિપ માટે પસંદગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૬ :** વાપીની ચણોદ કોલોની સ્થિત કેબીએસ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજની બે પ્રતિભાશાળી મહિલા ચેસ ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાની ઓલ ઈન્ડિયા ઈન્ટર-યુનિવર્સિટી ચેસ (મહિલા) ચેમ્પિયનશિપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલી ખેલાડીઓમાં જ્યોતિ ગઢવી (M.Com. ભાગ-૨) અને દિવ્યા દાસ (F.Y.B.Com.)નો સમાવેશ થાય છે. આ બંને વિદ્યાર્થીનીઓ રાજસ્થાનની JJT યુનિવર્સિટી ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સ્ફલ્ચ્શનું પ્રતિનિધિત્વ કરશે. આ પસંદગી વિદ્યાર્થીનીઓ અને કોલેજ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. તેમની સફળતા ચેસની રમત પ્રત્યેની તેમની નિષ્ઠા, સખત મહેનત અને સમર્પણભાવને દર્શાવે છે. દરેક ખેલાડીમીત્રોને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડૉ. મયુર પટેલ તેમજ રમતના સહાયક રોહિત સિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ જ્યોતિ ગઢવી અને દિવ્યા દાસને તેમની પસંદગી બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપમાં તેમની સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી.

## અમદાવાદ એરપોર્ટ પર ૮.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો પકડાયો

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૨૧ : અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા વધુ એક વખત અમદાવાદ સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સપાટો બોલાવતા ગાંજાનો મોટો જથ્થો કબ્જે કર્યો છે. બેંગકોકથી અમદાવાદ આવેલા એક મુસાફરની ચેક-ઈન બેગેજમાંથી આશરે ૮.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવતા કસ્ટમ્સ વિભાગે તેની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ શખસો મુંબઈનો રહેવાસી હોવાનું જણાયું છે.૨૧ સપ્ટેમ્બરના રોજ બેંગગોકથી થાઈ એરવેઝની ફ્લાઈટ ટીજી ૩૪૩માં અમદાવાદ એરપોર્ટ ઉતરેલા પુરૂષની હિલચાલ શંકાસ્પદ જણાતા એઆઈયુએ તેના બેગેજની સઘન તપાસ કરી હતી. જેમાં તેની બેગની અંદરથી હાઈડ્રોપોનિક ગાંજાના એરટાઈટ ૧૪ પેકેટ મળી આવ્યા હતા. ગાંજાનું કુલ વજન રૂ. ૮.૯૧૩ કિલોગ્રામ થયું હતું અને તેની કિંમત આશરે રૂ. ૮.૯ કરોડ હોવાનું જણાય છે. પેકેટમાંથી લીલા રંગનો પદાર્થ મળી આવતા અધિકારીઓને શંકા ગઈ હતી. ત્યારબાદ એનડીપીએસ ફિલ્ડ ટેસ્ટિંગ કિટથી પદાર્થની પ્રાથમિક તપાસ કરાતા તે ગાંજો હોવાનું સામે આવ્યું હતું. મુસાફરે કપડાંની વચ્ચે પેકેટ છુપાવીને આ પ્રતિબંધિત પદાર્થ બેંગકોકથી અમદાવાદ લાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. કસ્ટમ્સ વિભાગે મુંબઈના રહેવાસી શખસની એનડીપીએસ કાયદા હેઠળ અટકાયત કરીને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે. આ ગાંજાનો જથ્થો તે છૂટક વેચાણ માટે લાવ્યો હતો કે કોઈએ મંગાવ્યો હતો.

કેટલા સમયથી તે ગાંજાની દાણચોરી કરે છે અને તેની સાથે અન્ય કોઈ સંકળાયેલું છે કે કેમ તેની વધુ તપાસ હાથ ધરાઈ છે.

## અમદાવાદ પોલીસનો સપાટો, સી. જી. રોડ પરથી ૧૦૬ વાહનો ડીટેઈન કર્યા

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૨૧ : અમદાવાદ પોલીસે નવરાત્રિ પૂર્વે શહેરના પ્રસિદ્ધ એવા સી.જી. રોડ પર બે રાત્રિ સુધી વિશેષ ડ્રાઈવ યોજી હતી. આ ડ્રાઈવમાં સ્થાનિક પોલીસ તથા મહિલાઓની 'શી' ટીમ પણ જોડાઈ હતી. નવરંગપુરા અને સી.જી. રોડ પર આવેલા મ્યુનિસિપલ માર્કેટ વિસ્તારમાં સળંગ બે રાત્રિના યોજાયેલી આ ડ્રાઈવમાં મોડિફાઈડ સાઈલેન્સર, નંબર પ્લેટ વગરના વાહનો અને પુરતા દસ્તાવેજ ના ધરાવતા વાહનોને ડીટેઈન કરવાની કાર્યવાહી કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ કુલ ૧૦૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા.

નવરંગપુરા પોલીસ દ્વારા રાત્રે ૧૦થી ૧ વાગ્યા સુધી વિશેષ ડ્રાઈવ યોજીને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું હતું. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં બેફામ ઝડપે વાહનો હંકારવાની, મોડિફાઈડ સાઈલેન્સરનો ઘોંઘાટ તથા મહિલાઓની છેડતી જેવા બનાવોમાં વધારો નોંધાયો હતો. આ ઉપરાંત મોબાઈલ ફોન સ્નેચિંગની સંખ્યા પણ વધતા પોલીસે વિશેષ તપાસ ડ્રાઈવનું યોજી હતી. સી.જી. રોડ પર બેરિકેડ ગોઠવીને શંકાસ્પદ વાહનચાલકોને ઊભા રાખી તેમની સઘન તપાસ કરવામાં આવી હતી.

### જન્મ દિન મુબારક



**નામ : પ્રણવી**
જન્મ તા.૨૨-૦૯-૨૦૨૫
માતાનું નામ : સોનાલી લાડ
પિતાનું નામ : દિવ્યેશ લાડ
રહે. ચીખલી

## સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અનેક જિલ્લાઓને મેઘરાજા ધમરોળશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧ : ચોમાસાને લઈ હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહ માટે વરસાદ અંગે મહત્વની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ સપ્ટેમ્બર સુધીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ૨૨થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન સારો એવો વરસાદ વરસી શકે છે. આ સમયગાળા દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં વીજળીના કડાકા સાથે થન્ડરસ્ટોર્મની ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ શહેરમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા સેવાઈ રહી છે. પવનની ઝડપ ૧૫થી ૨૦ નોટ સુધીની રહેવાની ધારણા છે.

ગુજરાતમાં ૨૨થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૨થી ૨૪ સપ્ટેમ્બર સુધી વીજળીના કડાકા અને થન્ડરસ્ટોર્મ સાથે વરસાદ પડવાની ચેતવણી છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૫થી ૨૦ નોટ રહેવાની અને દરિયાકાંઠે માછીમારો માટે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી અપાઈ છે. અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. રાજ્યમાં અત્યાર સુધી ૬૩૩.૬ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૭ ટકા ઓછો છે, જ્યારે આગામી સમયમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ચોમાસાની વિદાય થવાની શક્યતા છે.

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ તીવ્ર રહેવાની શક્યતા હોવાથી માછીમારો માટે ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે. દરિયાકાંઠે પવનની ઝડપ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક અને ક્યારેક ૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૬૩૩.૬ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૭ ટકા ઘટ છે. બીજી તરફ, આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના વિવિધ ભાગોમાંથી ચોમાસાની વિદાય થવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## મહિન્દ્રાએ XUV 3XO REVX EDGE ની પ્રારંભિક કિંમતે રજૂ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સુરત, તા.૧૬ :** સુરત મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે રૂ. ૯.૩૯ લાખની પ્રારંભિક કિંમતે XUV 3XO REVX EDGE રજૂ કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત, કંપનીએ પેટ્રોલ ઓટોમેટિક ટ્રાન્સમિશન સાથે XUV 3XO REVX M(O) પણ રજૂ કરી છે. બે એન્જિન વિકલ્પોમાં ઉપલબ્ધ રહેશે – એટી અને એમટી ટ્રાન્સમિશન સાથે ૧.૨ લિટર mStallionTCMPFi અને એએમટી તથા એમટી ટ્રાન્સમિશન સાથે ૧.૫ લિટર ટર્બો ડીઝલ CRDe. XUV 3XO REVX EDGE (એક્સ-શોરૂમ કિંમતં રૂ. ૯.૩૯ લાખ) ડ્યુઅલ-ટોન રૂફ, બોડી-કલર્ડ ગ્રિલ અને બ્લેક વ્હીલ કવર REVX EDGEને આગવી સ્ટાઈલ આપે છે. તેમાં ૬ એરબેગ્સ, ઈલેક્ટ્રોનિક સ્ટેબિલિટી કંટ્રોલ (ESC), ISOFIX ચાઈલ્ડ-સીટ માઉન્ટ્સ, રિવર્સ પાર્કિંગ સેન્સર્સ, થ્રી-પોઈન્ટ સીટ બેલ્ટ્સ સમાવેશ થાય છે.ત્રણેય વેરિઅન્ટ્સ એવરેસ્ટ વ્હાઈટ, સ્ટીલ્થ બ્લેક, ટેન્ગો રેડ, નેબ્યુલા બ્લુ અને ગેલેક્સી ગ્રે રંગોમાં ઉપલબ્ધ છે.

## અમદાવાદમાં નકલી નાયબ મામલતદાર તરીકે રોફ જમાવતા ઠગને પોલીસે ઝડપ્યો

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧ : અમદાવાદમાં મણિનગર દક્ષિણી રેલવે ક્રોસિંગ નજીકથી નયાબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકેની ખોટી ઓળખી આપીને રોફ મારતા એક ઠગને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો છે. આરોપી કિરીટકુમાર બી. અમીને પોતે મોડાસામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતો હોવાનો દાવો કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમ મણિનગર જયહિંદ ચાર રસ્તા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસ કોન્સ્ટેબલને આ અંગે બાતમી મળી હતી. માહિતીના આધારે ટીમે મણિનગર દક્ષિણી રેલવે ક્રોસિંગ નજીક તપાસ હાથ ધરી હતી અને કિરીટકુમાર અમીનને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ખુલાસો થયો છે કે આરોપી અગાઉ નકલી પોલીસના ગુનાઓમાં પણ પકડાયેલો હતો.

નાયબ મામલતદારનો રોફ મારનાર કે.બી. અમીનની અંગઝડતી દરમિયાન તેના ખિસ્સામાંથી ગર્વમેન્ટ ઓફ ગુજરાત – રેવન્યુ ડીપાર્ટમેન્ટ લખેલું અને નાયબ મામલતદાર હોવાનું દર્શાવતું લેમિનેશન કરેલું આઈકાર્ડ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં આ આઈડી કાર્ડ બનાવટી હોવાનું સામે આવ્યું હોવાનું જણાવાયું છે. આરોપી સામે અગાઉથી સાત જેટલા ગુના નોંધાયેલા હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

બનાવટી સરકારી ઓળખપત્ર અંગે ક્રાઈમ બ્રાન્ચે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કિરીટકુમારની ધરપકડ કરી છે. પોલીસ હવે બનાવટી આઈડી ક્યાંથી તૈયાર કરાવ્યું,

તેણે સરકારી અધિકારી તરીકેની ઓળખનો ઉપયોગ ક્યાં-ક્યાં કર્યો અને અગાઉના ગુનાઓ સાથે આ કેસનો કોઈ સંબંધ છે કે કેમ તે સહિતના મુદ્દે તપાસ કરી રહી છે.

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that DHIRAJ CAN CO PVT LTD, Company duly registerd under the Companies Act 1956 having its Registerd office at Plot no. 7901/1-2 B GIDC Industrial Estate Ankleshwar 393002 is lawful owner, occupier & possessor of the Gala no. 5A is on Ground Floor in the Building known as NANDINI INDUSTRIAL ESTATE having super built up area of 92.93 sq. metres bearing silvassa Panchayat House no. 423/4/4, Situated at Village Amli of the Union Territory of Dadra and Nagar Haveli. of the following property and after going through the security of title deeds of the following property, it appears that following property, it appears that following document have been lost/misplaced. Hence through this notice any body has any kind of objection, claim, lien charge and encumbreance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 07 (Seven) days from the publication of this notice, if no claim is lodge, my client accept the version of the aforesaid original documents/ Securities are lost or misplaced.

MISPLACE DOCUMENTS

Original Sale Deed along with Registration Receipt of Gala no. 5A is on Ground Floor in the Building known as NANDINI INDUSTRIAL ESTATE having super built up area of 92.93 sq. metres bearing silvassa Panchayat House no. 423/4/4, Situated at Village Amli of the Union Territory of Dadra and Nagar Haveli, executed between DHIRAJ CAN CO PVT LTD Through ts director DEEPAK SHAH, registered in the office of Sub-registrar of DNH Silvassa at Serial o. 3159/2015, Dt: 24/09/2015, AND finally Registered No. 2904, of Book No. 1, Dated 20/09/2015.

Date : 21/09/2026

Sd/-
(Pankaj Kumar N. Bhandari)
Advocate
Office Shop-1 &2, Gokul Darshan, First Floor, A-Building, Tokarkhada, Silvassa-396230, U.T. Of D& N. H. & D.D. Mobile No.- 09824598665
e-mail:- pnbadvnotary@gmail.com

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : VENCI MAHESHBHAI PATEL TO NEW NAME : VENCI MAHESH PATEL, RESIDENT OF H.NO 18/1, GHELWAD FALIA, DABHEL, DAMAN, DAMAN AND DIU-396210.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM BHOYLUBHAI ARVINDBHAI PATEL TO NEW NAME BHAILUBHAI ARVINDBHAI PATEL AS PER DOCUMENTS

## ભાદરવી પૂનમને લઈને STની ૧૦૦૦ બસો ૩૦ હજાર ટ્રિપ મારશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૨૧ :** ભાદરવી પૂનમના મેળાને લઈ ૧૦૦૦ જેટલી એક્સ્ટ્રા બસ સંચાલનનો પણ આજથી શુભારંભ કરવામાં આવ્યો છે. આ સાથે અમદાવાદ ગીતામંદિર ખાતે ૧૮૦ નવીન એસ.ટી બસોનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું . આ અવસરે રાજ્યના માર્ગ પરિવહન રાજ્ય મંત્રી પ્રવિણ માળી અને અમદાવાદના મેયર હિતેન્દ્ર બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આજથી ભાદરવી પૂનમના મેળા સુધી તમામ બસો અંબાજી રૂટ પર દોડાવાશે. માઈ ભક્તોને મુશ્કેલી ન પડે તે માટે સરકાર તરફથી વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૬ સપ્ટેમ્બર સુધી પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ વિભાગ દ્વારા અંબાજી મેળાનું વિશેષ સંચાલન કરવામાં આવનાર છે. આ વર્ષે ૧૦૦૦ જેટલી બસો થકી વધારાની ૩૦ હજાર જેટલી ટ્રીપ માટે ૬ હજાર બસો ફેરા મારશે. જેનો લાભ અંદાજે ૧૫ લાખ જેટલા યાત્રાળુઓ મેળવશે. વાહન વ્યવહાર અને પર્યાવરણ



મંત્રી પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, GSRTC દ્વારા દર વખતે માના ચરણોમાં દર્શન કરવા જતા માઈ ભક્તો માટે ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે છે. આ વખતે ડેપ્યુટી CMના હસ્તે નવી ૧૦૦થી પણ વધારે બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે

. આ સિવાય ૧૦૦૦ વધુ બસો દ્વારા ૩૦,૦૦૦ ટ્રીપોનું સંચાલન આ વખતે ભાદરવી પૂનમમાં થશે. GSRTC દ્વારા આ બધી વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રિકોની સુવિધા માટે અંબાજી ખાતે કુલ ૧૦ બૂથ બનાવવામાં આવ્યા છે, જ્યાં સુપરવાઈઝર અને બૂથ ઈન્ચાર્જ ફરજ બજાવનાર છે. આ વખતે પ્લાસ્ટિક ફ્રી યાત્રા થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. જે માઈ ભક્તો પોતાની જોડે પ્લાસ્ટિક લઈને આવે છે તેમને જીએસઆરટીસી દ્વારા કમ્પોઝિબલ બેગનું રિપ્લેસમેન્ટ કરવાનું અને પગલું પર્યાવરણના જતન માટે લેવામાં આવ્યું છે. માના ચરણોમાં શીશ નમાવવા જઈ રહેલા માઈ ભક્તોમાં પૂરક બનવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. અહીં નોંધવું ઘટે કે, ભાદરવા પૂનમના મેળા દરમિયાન અમદાવાદથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ વિવિધ ધાર્મિક સ્થળોએ જતા હોય છે. ખાસ કરીને પદયાત્રીઓ અને ગ્રામ્ય વિસ્તારો તરફ જતા મુસાફરોની સંખ્યા વધતી હોવાથી એસટી વિભાગ દ્વારા પણ વિશેષ આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં ૯૦૦ જેટલી બસો થકી ૨૮,૫૦૬ ટ્રીપો દ્વારા ૧૩.૦૯ લાખ મુસાફરોને સેવા પૂરી પાડવામાં આવી હતી. આ વર્ષે પણ મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધારાની બસો દોડાવવી, બસોના રૂટનું આયોજન, મુસાફરો માટે રાહ જોવાની વ્યવસ્થા અને ટર્મિનલ પર ટ્રાફિકનું યોગ્ય સંચાલન જેવા પગલાં લેવામાં આવ્યા છે.

## ગુજરાતના અત્યંત સંવેદનશિલ ગણાતા સ્થળોને બોમ્બથી ઉડાવવાની ધમકીનો ઈ-મેઈલ મળ્યો

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૨૧ : સપ્ટેમ્બર મહિનામાં ચોથી વખત ગુજરાતના અત્યંત સંવેદનશિલ ગણાતા સ્થળોને બોમ્બથી ઉડાવવાની ધમકીનો ઈ-મેઈલ મળ્યો છે. સપ્તાહના પ્રથમ દિવસે જ ભાજપના ગાંધીનગર સ્થિત કોબા ખાતે આવેલા કમલમ કાર્યાલયને તથા અમદાવાદમાં ખાનપુર ખાતે આવેલા જૂના કાર્યાલયને બોમ્બથી ઉડાવવાની ધમકી સાથેનો ઈ-મેઈલ મળ્યો છે. ગુજરાતના મહત્વના સ્થળોએ પણ બોમ્બ બ્લાસ્ટ કરવાનો આ ઈ-મેઈલમાં ઉલ્લેખ કરાયો છે. અલ્લાહૂ અકબર લખાણ સાથેના ઈ-મેઈલ મળતા રાજ્યના પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ધમકી બાદ પોલીસ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડની ટીમે ભાજપના કાર્યાલયોમાં સઘન તપાસ હાથ ધરી હતી. જો કે, અંતે કંઈ જ શંકાસ્પદ નહીં મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.


**ભાજપના કમલમ તથા ખાનપુર કાર્યાલય સહિતના સ્થળોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી**

પોલીસ સૂત્રોના મતે સવારે આશરે ૯ વાગ્યે ગાંધીનગર સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો તરફથી ખાનપુર સ્થિત ભાજપ સેન્ટ્રલ કાર્યાલયને બોમ્બની ધમકી અંગે ઈનપુટ મળ્યો હતો. ત્યારબાદ બીડીએસ દ્વારા સમગ્ર સ્થળની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને હાલ પરિસ્થિતિ સામાન્ય છે. આ ઉપરાંત ઈ-મેઈલમાં સોમનાથ મંદિર અને કોબા સ્થિત ભાજપના કમલમ કાર્યાલયને પણ નિશાન બનાવવાની ધમકી અપાઈ હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા સંબંધિત સ્થળોએ પણ જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ અગાઉ પંજાબ પોલીસ વડાને આ ઈ-મેઈલ મળ્યો હતો અને ત્યારબાદ તેમણે ગુજરાતના ડીજીપીને ઈ-મેઈલ ફોરવર્ડ કર્યો હતો. ઈ-મેઈલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના મધ્યસ્થ કાર્યલાયો તમામ પોલીસકર્મી અને રૉને નિશાન બનાવવાનો ઉલ્લેખ કરાયો હતો. સંવેદનશીલ સ્થળો પર બોમ્બ ગોઠવવામાં આવ્યા હોવાનું ઈ-મેઈલમાં જણાવાયું હતું. મેઈલમાં હિન્દુસ્તાન મુર્દાબાદ અને ભાજપ મુર્દાબાદ જેવા શબ્દો પણ ઉચ્ચારવામાં આવ્યા હતા. પાકિસ્તાન અને ખાલિસ્તાનને સમર્થન આપતું લખાણ પણ મળી આવ્યું હતું. ધમકીભર્યો ઈ-મેઈલ કોણે મોકલ્યો અને તેનું મૂળ સ્થાન શું છે તે અંગે પોલીસ તપાસ ચાલી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, હાલની તપાસમાં કોઈ વિસ્ફોટક કે અન્ય શંકાસ્પદ વસ્તુ મળી નથી.

ઉલ્લેખનીય છે કે અગાઉ ૧૦ સપ્ટેમ્બરે ગાંધીનગર વિધાનસભા, કોર્ટ તથા અમદાવાદની શાળાઓને બોમ્બથી ઉડાવવાની ધમકીનો ઈ-મેઈલ મળ્યો હતો.

ત્યારબાદ ૧૫ સપ્ટેમ્બરે રાજકોટ કોર્ટ અને તેના બે દિવસ બાદ એટલે કે ૧૭ સપ્ટેમ્બરે પણ અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને ઘી કાંટા કોર્ટમાં બોમ્બ ધડાકા કરવાની ધમકી ઉચ્ચારતો ઈ-મેઈલ મળ્યો હતો.















Monday 21, September 2026

# દમણગંગા ટાઈમ્સ



પારડી પંથકમાં આવેલા ગણેશ મંડળોમાં સ્થાપિત કરવામાં આવેલ શ્રીજીની પૂજા વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઇ પટેલે કરી હતી અને દરેક મંડળની મુલાકાત લીધી હતી.

## વાપી રેલવે સ્ટેશને બિનવારસી લાશ મળી

**વાપી, તા.૨૧:** વાપી રેલવે પોલીસ સ્ટેશનના અકસ્માત મોત નં.૨૫/૨૦૨૬ અંતર્ગત એક અજાણ્યા પુરુષ તા.૧૬/૦૯/૨૦૨૬ના સવારે સવારે પ્લે.નં.૦૧ ઉપરથી બીમાર હાલતમાં ૧૦૮માં ચલા સીએચસી ખાતે દાખલ કરાયા હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરે મરણ જાહેર કરેલ હતો. મરનાર ૫૭ વર્ષીય, મધ્યમ બાંધો, ઘઉંવણો છે. નાક ઉપર જુના વાગ્યાનું નિશાન અને જમણી આંખની ભમર ઉપર કાળો મસો છે. શરીરે સફેદ લાઈનીંગ ચેક્સવાળો બ્લ્યુ શર્ટ અને બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરેલ છે. આ અંગે કોઈ માહિતી મળે તો વાપી રેલવે પોલીસ મો.૯૯૧૩૫ ૪૨૫૧૧ પર સંપર્ક કરવો.



દેસરા તલાવડી ફળિયા, બીલીમોરા



જય અંબે ગણેશ યુવક મિત્ર મંડળ, ગણદેવી




રામ રોટી ચોક વલસાડ



શ્રી સિધ્ધી વિનાયક યુવક મંડળ કુંભારવાડ - ધરમપુર

## વલસાડમાં ભુલકાઓ દ્વારા ભાવુક ગણેશ વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** સમગ્ર રાજ્ય સાથે વલસાડ પંથકમાં પણ ગણેશોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો રહ્યો છે. ગણેશ સ્થાપનાથી લઈને પૂજા-અર્ચના, થાળ અને મહાપ્રસાદ સુધી ભક્તોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, વિસર્જનના પાવન અવસરે વલસાડની ઔરંગા નદીના તટે એક એવો હૃદયસ્પર્શી નજારો સામે આવ્યો હતો. જેણે ત્યાં ઉપસ્થિત દરેક શ્રદ્ધાળુની આંખો ભીની કરી દીધી હતી.

વલસાડ શહેરના તરીયાવાડ વિસ્તારમાં રહેતા અને વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાંના પરિવાર દ્વારા ઘરે સ્થાપિત કરાયેલા બાળ ગણેશની પ્રતિમાનું વિસર્જન વાજતે-ગાજતે ઔરંગા નદીમાં કરવા લઈ જવામાં આવ્યું હતું. પરિવારના અન્ય બાળકો સાથે તેમની નાનકડી પૌત્રી પણ પોતાના નાજુક હાથોમાં પ્રેમથી 'બાળ ગણેશ'ને લઈને વિસર્જન સ્થળે પહોંચી હતી.

પરંતુ જ્યારે બાપાને જળમાં પધરાવવાની ક્ષણ આવી, ત્યારે



આ માસૂમ બાળકીનો ગણપતિ બાપા પ્રત્યેનો અખૂટ અને નિષ્કપટ સ્નેહ છલકાઈ ઊઠ્યો હતો. બાળકીએ બાપાની મૂર્તિને પોતાના હાથેથી છોડવાની સાફ ના પાડી દીધી હતી અને જીદ પકડી હતી કે બાપાને ઘરે જ રાખવા છે. બાળહઠ અને બાપા પ્રત્યેનો આટલો લગાવ જોઈને પરિવારજનો પણ ભાવવિભોર થઈ ગયા હતાં.

આખરે માતા-પિતા અને નાનાએ ઘણી સમજાવટ કરી અને બાપા આવતા વર્ષે વહેલા આવશે. તેમ કહી આશ્વાસન આપ્યા બાદ, બાળકીએ ભારે હૈયે અને ભીની આંખે બાપાની મૂર્તિનું વિસર્જન કરવા દીધું હતું. આ ક્ષણે નદી કિનારે હાજર રહેલા અન્ય ગણેશભક્તો પણ બાળકીની નિખાલસ ભક્તિ જોઈ અવાચક બની ગયા હતાં અને વાતાવરણ અત્યંત ભાવુક બની ગયું હતું.

## વાપીમાં ભંગારના ધંધાની અદાવતમાં બે જુથ વચ્ચે સળિયા ઉછળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વાપીના મોરાઈ કરવડ એક્સપ્રેસ હાઈવે પાસે સ્ક્રેપના ધંધાની અદાવતમાં બે ભાઈઓ પર જીવલેણ હુમલો કરાયો હોવાની ફરિયાદ ડુંગરા પોલીસ મથકે નોંધાઈ છે.

ફરિયાદી આદમ અકરમ મન્સુરી ઉ.વ.૨૮, રહે. છીરી ગલા મસાલા, મદર કોમ્પ્લેક્સ, વાપી અને તેના ચચેરા ભાઈ નસીમ અસલમ મન્સુરી બંને નાની તંબાડી પરમ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં સ્ક્રેપનું ગોડાઉન ચલાવે છે. ગત તા.૧૯/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યે તેઓ મોપેડ પર ઘરે જતાં હતાં. ત્યારે આરોપી ઉબેદ ઉલ્લા ઉર્ફે બબર અબ્દુલહે ખાન (રહે. સી.ટાઈપ મસ્જિદ પાછળ, ગ્રીન પાર્ક સો. વાપી) એ તેની ફોરવ્હીલ કારથી ઓવરટેક કરી દરવાજો ખોલતા બંને નીચે પટકાયા હતાં.

બાદમાં આરોપી અને તેના અજાણ્યા મિત્રએ જાહેરમાં ગાળો આપી લોખંડના પાઈપ વડે બંનેને હાથ-પગમાં ફટકા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતાં. ભાવ વધારો કરી ગ્રાહકો તોડવાના ઝઘડામાં હુમલો કરાયો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઘટના સામી ફરિયાદમાં ઉબેદ ઉલ્લા અબ્દુલહે ખાન (ઉ.વ.૩૩, રહે. ગ્રીન પાર્ક સો. સી-૫૦૧, વાપી)એ જણાવ્યું કે, તા.૧૯/૦૮/૨૦૨૬ના રોજ બપોરે તેઓ મિત્ર મહેબુબ અલીખાનની કાર લઈ સેલવાસ કામ અર્થે ગયા હતા. રાત્રે ૯ વાગ્યે કરવડ એક્સપ્રેસ હાઈવે પાસે પરત ફરતા હતાં. ત્યારે આદમ મન્સુરી અને નસીમ મન્સુરી (રહે. વાપી)એ મોપેડથી તેમની કાર રોકાવી હતી. આરોપ છે કે બંનેએ કોલર પકડી ગાળો આપી ઢીક મુક્કીનો મારમાર્યો હતો અને આદમ મન્સુરીએ લાકડા વડે કમર અને ડાબા પગના પંજા પર ફટકા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉમરગામની કંપનીઓમાંથી વધુ પૈસા આપી સ્ક્રેપ ખરીદવાના વિવાદમાં હુમલો થયાનું ફરિયાદમાં જણાવાયું છે. ઈજાગ્રસ્તને ઓલીવ હોસ્પિટલના ICUમાં દાખલ કરાયો છે.

## ગુંદલાવ શિવ શક્તિ રેસીડેન્સીમાં ગણેશોત્સવની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ગુંદલાવ સ્થિત શિવ શક્તિ રેસીડેન્સી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીજી સ્થાપનાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મંડળના સભ્યો અને રહીશો દ્વારા દાદાની મૂર્તિનું ઢોલ-નગારા અને ગુલાલની ઉડાણ વચ્ચે ભવ્ય આગમન કરાવવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવ દરમિયાન સોસાયટીના પરિસરમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. દરરોજ સવારે અને સાંજે નિયમિત આરતી, થાળ તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બાળકો અને મહિલાઓ માટે વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને ગરબાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોસાયટીના તમામ રહીશો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.




મંડળના આયોજકોએ જણાવ્યું હતું કે, આ ઉત્સવથી સોસાયટીમાં એકતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને છે. ગણપતિ બાપાના દર્શન માટે આસપાસના વિસ્તારમાંથી પણ ભક્તો મોટી સંખ્યામાં આવી રહ્યા છે અને ધન્યતા અનુભવી રહ્યા છે. મહાપ્રસાદ અને વિસર્જન યાત્રા માટે પણ સોસાયટી મંડળ દ્વારા ભવ્ય આયોજન થયું હતું.

## વાપીના ચણોદમાં ટીશ્યુ પેપરથી બનાવેલ ગણપતિ આકર્ષણનું કેન્દ્ર બન્યા

**ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ જોવા માટે લોકો ઉમટી રહ્યા છે, અને શ્રીજીનું વિસર્જન પણ મંડપમાં જ થાય છે જેથી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાય છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** ગણેશોત્સવ દરમિયાન આકર્ષક અને ભવ્ય મૂર્તિઓ વચ્ચે, ચણોદ કોલોનીમાં ટીશ્યુ પેપરથી બનેલી ગણપતિજીની મૂર્તિ આકર્ષણનું કેન્દ્ર બની છે. સમસ્તી અષ્ટવિનાયક મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા સ્થાપિત આ અનોખી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ જોવા અને બાપ્પાના દર્શન કરવા માટે વાપીભરમાંથી ભક્તો આવી રહ્યા છે. બાળકો, વૃદ્ધો અને યુવાનો આ મૂર્તિ માટે ખાસ ઉત્સાહ દર્શાવી રહ્યા છે. મંડળના સભ્યોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે વર્ષથી ટીશ્યુ પેપરથી



બનેલી ઈકો-ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી રહી છે. મૂર્તિનું વિસર્જન પણ મંડળ પરિસરમાં કરવામાં આવે છે. આ પાછળનો હેતુ ગણેશોત્સવની સાથે પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિનો સંદેશ ફેલાવવાનો છે. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ, ખાસ કરીને યુવાનો, મૂર્તિ સાથે સેલ્ફી લેવાનો ક્રેઝ બતાવી રહ્યા છે. પૂજાની સાથે, ભક્તો મૂર્તિની કલાત્મકતા અને પર્યાવરણીય વિશે પણ શીખી રહ્યા છે.

મંડળના કાર્યકરો કહે છે કે તેમના માટે ગણેશોત્સવ દરમિયાન ભક્તિ મહત્વપૂર્ણ છે, દેખાડો નહીં. પરંતુ સાદગીને ધ્યાનમાં રાખીને, ડીજે અને ધૂમધામ સાથે શોભાયાત્રાને બદલે અહીં મંડપમાં જ શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. મંડળ દ્વારા આ પહેલ શ્રદ્ધા તેમજ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ સમગ્ર વાપી અને તેની આજુબાજુના વિસ્તારોમાં આપે છે.

## કપરાડા કોંગ્રેસે વિવિધ પ્રશ્નોને લઈ મામલતદારને આવેદન અપાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧ :** કપરાડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકાના આદિવાસી, ખેડૂત, મજૂર અને વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે મામલતદાર મારફતે રાજ્યપાલશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આવેદનમાં વન અધિકાર અધિનિયમ હેઠળ પેન્ડિંગ દાવાઓનો નિકાલ, વર્ષોથી સરકારી જમીન ખેડતા ખેડૂતોને હક્ક આપવા, પાકના યોગ્ય ભાવ, પાકવીમો, ખેતી ધિરાણ તથા કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનનું વળતર આપવા માંગ કરવામાં આવી હતી.

આ ઉપરાંત કપરાડાના અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્ક અને પીવાના પાણીની સમસ્યા દૂર કરવા, અસ્ટોલ યોજનાની ખામીઓ સુધારવા, જંગલી પ્રાણીઓથી થતા પાક નુકસાનનું વળતર, પૂરતો યુરિયા જથ્થો, ૭૦(બી)ના પેન્ડિંગ કેસોનો નિકાલ તેમજ સર્પદંશની સારવારને આયુષ્માન કાર્ડમાં સમાવવાની રજૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલ, કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઈશ્વરભાઈ તુમડા સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપીની મહિલા સાથે જમીનના સોદામાં રૂ.30 લાખની છેતરપિંડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વાપીમાં જમીનના સોદાના નામે રૂ.30 લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે વાપીની વેપારી મહિલા સૈફાલી મનીષ કંસારા જે રામચંદ્ર વિઠ્ઠલભાઈ પાનવાલા રહે મનપા કચેરી પાછળ, વાપી)એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે, આરોપી વિમલભાઈ સુમનભાઈ પટેલે અને આડેસર દારા યસ બેબે કોન દ્વારા વલસાડ અને પારડી વિસ્તારની જમીનનો સોદો કર્યો હતો. જમીનનો કુલ સોદો રૂ.30 લાખમાં નક્કી કરાયો હતો. જેમાં ૩૩ ટકા જમીન બારોબાર વેચી દેવાની અને બાકીની ૩૩ ટકા જમીન ફરિયાદીને આપવાની વાત હતી.

આરોપીએ વિશ્વાસમાં લઈને ફરિયાદી પાસેથી અલગ અલગ તારીખે આઈ.ડી.એફ.સી. ટ્રાન્સફર અને ચેક દ્વારા કુલ રૂ. 30,00,000/- પડાવી લીધા હતાં. પૈસા લીધા બાદ જમીનનો દસ્તાવેજ કરી આપ્યો ન હતો અને ઉલટાનું જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ખાતા નંબર ૨૨૩થી ૧૧૭૩ વાળી જમીનના સર્વે નંબરમાં બારોબાર બીજાને વેચાણ કરી દીધું હોવાનું સામે આવ્યું છે. ફરિયાદીની માંગ છે કે નાણાં પરત અપાવી કાયદેસર કાર્યવાહી કરાય. પોલીસે છેતરપિંડી અને ધમકીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાં ગેરકાયદે હથિયારો સાથે એક ઝડપાયો, અન્ય એક વોન્ટેડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૧ :** બીલીમોરા પંથકમાં ગેરકાયદે હથિયારો સાથે ફરતા અસામાજિક તત્વો સામે બીલીમોરા પોલીસે કાર્યવાહી હાથ ધરી એક યુવાનને દેશી બનાવટની પિસ્તલ અને રિવોલ્વર સાથે ઝડપી પાડ્યો છે. જ્યારે હથિયારો સંતાડવા માટે આપનાર અન્ય એક શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

બીલીમોરા પોલીસની ટીમ સોમવારે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી મળી હતી કે, ગેરકાયદે હથિયારો સાથે એક શખ્સ ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ગણદેવી કાંઠા વિસ્તારમાં ભાઠા ગામના ઘોડા ફળીયામાં દરોડો પાડી આરોપી જયકિશન ઉર્ફે ચકો મહેશભાઈ કોળી પટેલને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી એક દેશી હાથ બનાવટની પિસ્તલ, કિંમત રૂ. 30 હજાર, તથા એક રિવોલ્વર, કિંમત રૂ.૨૫ હજાર, મળી કુલ રૂ.૫૫ હજારની કિંમતના ગેરકાયદે હથિયારો કબજે કર્યા હતાં. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન આ હથિયારો સંતાડવા માટે આપનાર તરીકે ક્રિશ કલ્પેશભાઈ કોળી પટેલ, રહે. ભાઠા ઘોડા ફળીયા, તા.ગણદેવીનું નામ બહાર આવ્યું હતું. જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડ માટે તપાસ તેજ કરી છે. આ સમગ્ર મામલે બીલીમોરા પોલીસે આર્મ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગેરકાયદે હથિયારો ક્યાંથી મેળવવામાં આવ્યા હતાં અને આ હથિયારોનો ઉપયોગ કયા હેતુ માટે થવાનો હતો તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. વધુ તપાસ બીલીમોરા પીઆઈ એ.એસ. સરવૈયા કરી રહ્યાં છે.

## મુંબઈમાં બ્રિજ પરથી ખાબકેલી કાર દમણ પાર્સિંગની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** બે દિવસ પહેલા મુંબઈમાં મરીન ડ્રાઈવથી હાજી અલી તરફ જતી દમણ પાર્સિંગની BMW કાર બ્રિજ પરથી નીચે ખાબકતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

**અકસ્માતમાં BMW ખાબકતા ૩ યુવકના મોત થયા હતાં**

પ્રાપ્ત વિગત મુજબ કારનો નંબર DD ૦૧ ૬૬૩૦૨ હોવાનું સામે આવ્યું છે. જે દમણ પાસિંગની હોવાથી દમણ પંથકમાં ચર્ચાનો વિષય બની છે.

આ અકસ્માતમાં કારમાં સવાર ધૈર્ય શેઠ (ઉં. ૧૭), આદિત્ય જકાશી (ઉં.૧૯) અને સાનય ગજ્જર (ઉં.૨૧)નું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે આદિત્ય ઓસવાલ (ઉં.૨૩)ને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં ઓવર સ્પીડ અને કાબુ ગુમાવવાને કારણે અકસ્માત થયો હોવાનું અનુમાન છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગણદેવીનાં મેંધર-કલમઠાનાં ગેરકાયદે ઝીંગા તળાવો દૂર કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૧ :** ગણદેવી તાલુકાના દરિયાકાંઠા વિસ્તારમાં સરકારી જમીન પર વહીવટી તંત્રની મંજૂરી વિનાનાં ગેરકાયદેસર ઝીંગા તળાવો સામે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ ચીખલી પ્રાંત અધિકારી, મામલતદાર તથા સંબંધિત અધિકારીઓની ટીમ દ્વારા મેંધર અને કલમઠા ગામે અનધિકૃત દબાણો દૂર કરવામાં આવ્યા હતા. મેંધર ગામે આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર તથા કલમઠા ગામે આશરે ૩,૦૦૦



ચોરસ મીટર વિસ્તારમાં અનધિકૃત ઝીંગા તળાવો તથા દબાણો દૂર કરવામાં આવ્યા હતાં. આમ, બંને ગામોમાં કુલ આશરે ૧૩,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ કે અનધિકૃત બાંધકામ ચલાવી લેવામાં આવશે નહીં. આગામી દિવસોમાં પણ સરકારી જમીન ઉપરના દબાણો સામે તપાસ અને કાર્યવાહીનો દોર યથાવત્ રાખવામાં આવશે.

## ડાંગની કિરલી ગ્રા.પં. કચેરીનું વીજ જોડાણ કપાતા કામ ખોરંભે

**સાપુતારા, તા.૨૧ :** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં આવેલી કિરલી ગ્રામ પંચાયત કચેરીનું વીજ બિલ બાકી રહેવાના કારણે વીજ વિભાગ દ્વારા વીજ કનેક્શન કાપી નાંખવામાં આવ્યું હોવાના આક્ષેપને પગલે ગ્રામજનોમાં ભારે રોષ સાથે મુશ્કેલી જોવા મળી રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, પંચાયત કચેરીમાં વીજ પુરવઠો બંધ થઈ જતાં વિવિધ સરકારી કામગીરી તેમજ જરૂરી પ્રમાણપત્રો મેળવવા સહિતના કામો માટે કચેરીએ આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વીજળીના અભાવે પંચાયતની દૈનિક વહીવટી કામગીરી પણ અસરગ્રસ્ત બની હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**